PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 4, Year: 71, July 2026, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# આનંદના અને ગર્વના BREAKING NEWS...




**SGPA 9.83**
**B.Tech Mechanical Engineering.**



## ગર્વ + ખુશી + થોડી મસ્તી
## = ધૈર્ય કેતનપારેખ →

આપણા સમાજના ગૌરવવંતા યુવા **શ્રી ધૈર્ય કેતન પારેખ** એ એન્જિનિયરિંગની પરીક્ષામાં અત્યંત ઉત્કૃષ્ટ અને અવિશ્વસનીય માર્ક્સ પ્રાપ્ત કરી સમગ્ર પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું છે.

રાતોની મહેનત, ચા ના અસંખ્ય કપ અને પુસ્તકો સાથેની દોસ્તીએ આજે રંગ બતાવ્યો. ધૈર્ય એ સાબિત કરી દીધું કે મહેનત હોય તો કોઈ પણ સપનું મોટું નથી.

## અને હા, આ ટોપર છે કોના....?

પ્રાઉડ મમ્મી-પપ્પા : શ્રી કેતન પારેખ અને શ્રીમતી જીગીષા પારેખ

દાદા-દાદી : શ્રી પ્રદીપ પારેખ અને શ્રીમતી રસીલા પારેખ ના લાડકા પૌત્ર

નાના-નાની : શ્રી નરેન્દ્ર શાહ અને શ્રીમતી ગીતા શાહ ની આંખના તારા

ફઈ-ફુવા : શ્રી વિપુલ ગોસલિયા અને શ્રીમતી મોના ગોસલિયા ના સ્માર્ટ ભત્રીજા

અને મહેક તથા હેતા ના 'મારો ભાઈ ટોપર છે' કહીને ભાવ ખાનારા વ્હાલા ભાઈ.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

## ૨૦૨૬-૨૦૨૯ હોદ્દેદારો



શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ
ચેરમેન - ટ્રસ્ટી



શ્રી પંકજભાઈ વસંતલાલ સંઘવી
પ્રમુખ - ટ્રસ્ટી



શ્રીમતી મનિષાબેન મિનેશભાઈ શાહ
ઉપ-પ્રમુખ - ટ્રસ્ટી



શ્રી અનિલભાઈ હિંમતલાલ સંઘવી
માનદ્ મંત્રી



શ્રી મુકેશભાઈ રસીકલાલ શાહ (ચશ્માવાળા)
માનદ્ મંત્રી



શ્રી પ્રિતુલભાઈ ભરતભાઈ શાહ
(ગેડીવાળા) માનદ્ મંત્રી



શ્રી નિરવભાઈ પ્રવિણભાઈ દોશી
સહ-મંત્રીશ્રી



શ્રી નરેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધી
સહ-મંત્રીશ્રી



શ્રી હેમંતભાઈ પ્રવિણભાઈ શાહ
નાણામંત્રી



શ્રીમતી બીનાબેન અશોકભાઈ સંઘવી
સહ-નાણામંત્રી

# FLAMINGO
transworld pvt. ltd.

**You Travel We Care**



## WHY FLAMINGO?

- આપના પ્રવાસ ને યાદગાર બનાવવા માટે, ૨૫૦ થી વધુ કટીબદ્ધ ટીમ મેમ્બર્સ નો કાફલો
- સમગ્ર ભારત માં ૫૦ થી વધુ બુકિંગ હબ નુ વિશાળ નેટવર્ક ધરાવતી કંપની
- ગુજરાતી – હિન્દી અને અંગ્રેજી ભાષા ના જાણકાર અનુભવી ૩૦૦ ટુર મેનેજર
- વિશ્વ ના ખૂણે ખૂણે એટલે કે 80 થી વધુ દેશ ના યાદગાર પ્રવાસ ની મહારથ
- વિશ્વભર માં વસતા આપણા ગુજરાતી NRI પ્રવાસીઓ માટે ખાસ વિભાગ

### Scenic South America
13 Nights / 14 Days
3, 21 July, 7, 23 Aug, 26 Sep, 23 Oct 2026

### Amazing Mauritius
6 Nights / 7 Days
9, 15, 22, 27 May 2026

### Scenic South Africa with chef
(With Winery experience)
12 Nights / 13 Days
10, 16, 23, 24, 28 May, 4, 14 June 2026

### Exotic South Africa with Victoria Falls
13 Nights / 14 Days
18 May, 2 Jun, 24 Aug, 28 Sep 2026

### African Jambo with Kenya
14 Nights / 15 Days
23 May 2026

### Whole of South Africa with Kruger
13 Nights / 14 Days
5,15,19,20,25,27 May, 3, 6, 13, 20 Jun, 4,15 Jul, 8, 14 Aug,1, 17 Sep 2026

**OUR MUMBAI LOCATIONS**

Andheri, Goregaon, Kandivali, Mira Road, Opera House
Sion, Ghatkopar, Thane, Mulund, Kharghar, Pune

+91 98199 30022 www.flamingotravels.co.in

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩
**માસિક પત્રિકા**
જુલાઈ ૨૦૨૬
વર્ષ : ૭૧ : : અંક : ૪
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*

**પ્રમુખશ્રીની કલમે,**



**પ્રિય ઝાલાવાડી સભ્યશ્રીઓ,**

સભાના પ્રમુખ તરીકે સેવા કરવાનો ગૌરવપૂર્ણ અવસર આપીને મારા પર વિશ્વાસ મૂકવા બદલ આપ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

અમારા આદરણીય શ્રી પ્રવીણભાઈ શાહનો પણ દિલથી આભાર માનું છું કે તેમણે ચેરમેનનું સર્વોચ્ચ પદ સ્વીકાર્યું. તેમનું દ્રષ્ટિકોણ, નેતૃત્વ અને મૂલ્યો હંમેશા આપણા સમાજ માટે પ્રેરણારૂપ રહ્યા છે. તેમના માર્ગદર્શન અને વિચારધારાના સહારે આપણે સૌ સાથે મળીને ઝાલાવાડી સભાને નવી ઊંચાઈઓ સુધી લઈ જઈશું, એવો મને પૂર્ણ વિશ્વાસ છે.

મારી પાસે સંસ્થાને વધુ મજબૂત બનાવવા અને દરેક ઝાલાવાડી પરિવાર સુધી વધુ સારી સેવાઓ પહોંચાડવા માટે અનેક નવા વિચારો અને વિકાસ લક્ષી યોજનાઓ છે.

આવનારું વર્ષ ૨૦૨૭ આપણા માટે ઐતિહાસિક વર્ષ છે, કારણ કે ઝાલાવાડી સભા તેની ૧૨૫ વર્ષની ગૌરવશાળી સેવાયાત્રા પૂર્ણ કરશે. આ અવસરને યાદગાર બનાવવા માટે વિવિધ સામાજિક સેવા પ્રવૃત્તિઓ, પરોપકારી યોજનાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જે સમગ્ર સમાજને એક સૂત્રમાં બાંધશે.

મને આનંદ છે કે સભાની વિવિધ કલ્યાણકારી યોજનાઓ-સેનેટોરિયમ, શાળા અને કોલેજ ફી સહાય યોજના, આર્થિક સહાય યોજના, શિક્ષણ લોન યોજના તેમજ અન્ય અનેક સમાજોપયોગી સેવાઓ સુચારુ રીતે ચાલી રહી છે અને સમાજના સભ્યોને સતત લાભ પહોંચાડી રહી છે.

આપણી સભાનો વિકાસ હંમેશા સભ્યોના સહયોગ અને સક્રિય ભાગીદારીથી જ શક્ય બન્યો છે. તેથી હું આપ સૌના સૂચનો, નવા વિચારો અને રચનાત્મક પ્રતિસાદનું હાર્દિક સ્વાગત કરું છું. આપના સહકારથી આપણે આપણા સમાજને વધુ સશક્ત, સંગઠિત અને ભાવિ પડકારો માટે સજ્જ બનાવી શકીશું.

ફરી એકવાર, ઝાલાવાડી સભાના પ્રમુખ તરીકે સેવા કરવાનો અવસર આપવા બદલ આપ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું. આગામી વર્ષોમાં આપ સૌ સાથે મળીને સમાજના વિકાસ માટે કાર્ય કરવાની આતુરતાથી રાહ જોઈ રહ્યો છું.

**પંકજ સંઘવી**
**ટ્રસ્ટી - પ્રમુખ**

# શાસનના સિંહ

કુમારપાળ દેસાઈ

નૈષ્ઠિક બ્રહ્મચર્ય, તેજસ્વી તપોબળ, પ્રબળ આત્મબળ, નૈસર્ગિક બુદ્ધિ-પ્રતિભા અને સાત્ત્વિક પ્રભાવશીલતા ધરાવતા આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી વીસમી સદીના સૌથી સમર્થ સૂરિચક્રવર્તીનું બિરુદ પામ્યા હતા. આ યુગસર્જક આચાર્યશ્રીએ સંયમજીવનના પ્રારંભે જ જીવનધ્યેયો નક્કી કર્યાં હતાં.

તેઓનું પ્રથમ જીવનધ્યેય હતું જ્ઞાનવૃદ્ધિ અને જ્ઞાનોદ્ધાર. ધર્મશાસ્ત્રોના ગ્રંથસંરક્ષણ, ગ્રંથલેખન અને પ્રકાશનની સાથોસાથ એમણે અમૂલ્ય ધર્મગ્રંથો ધરાવતા જ્ઞાનભંડારોની જાળવણી અંગે માર્ગદર્શન આપ્યું. તેઓની પ્રેરણાથી જૈન સમુદાયમાં સર્વપ્રથમ જૈન સાહિત્યના પ્રકાશનનો પુનિત પ્રારંભ પણ વિશેષ રૂપે થયો. એમનું બીજું ધ્યેય હતું જ્ઞાન અને ગુણસંપન્ન તેજસ્વી શિષ્યપરંપરા સર્જવાનું. પરિણામે તેઓએ અનેક બહુશ્રુત આચાર્યો અને વિદ્વાન મુનિવરોની ભવ્ય પરંપરા શાસનને સમર્પી હતી. હજારો માઈલનો વિહાર કરીને પ્રાણની પણ પરવા કર્યા વિના હિંસક માનસ ધરાવતા માછીમારો અને અન્ય જાતિના લોકોને સદ્દુપદેશ આપ્યો. એક વાર તેઓના ઉપદેશથી દાઠા ગામમાં માછીમારોએ માછલાં મારવાની હજારો જાળની હોળી કરીને જીવનભર માછીમારીનો ત્યાગ કર્યો હતો. દેવ-દેવીઓને મૂંગાં પશુઓનો ભોગ ચડાવવાની પ્રથા બંધ કરાવી અને પાંજરાપોળની પ્રવૃત્તિમાં પ્રાણ પૂર્યો.

વિ.સં. ૧૯૮૩માં ગુજરાતમાં જળપ્રલય થયો ત્યારે શ્રાવકોને પ્રેરણા આપીને દુ:ખી અને પીડિતોને કાજે વિશાળ ફંડ કરાવ્યું. વળી દુષ્કાળ, જળપ્રલય અને રોગોના ઉપદ્રવ સામે અથવા તો શ્રાવકક્ષેત્રના ઉદ્ધાર માટે અન્નદાન અને ગુપ્તદાન અપાવવાની એમની શક્તિ અજોડ હતી. એમનું એક લક્ષ તીર્થોદ્ધારનું હતું અને એમના રોમેરોમમાં તીર્થો પ્રત્યે અપાર ભક્તિભાવ હતો. શ્રી કદમ્બગિરિ તીર્થ, શ્રી શેરીસા તીર્થ, માતર, રાણકપુર તેમજ સ્થંભતીર્થ જેવાં અનેક તીર્થો અને કેટલાંય ગામોનાં જીર્ણ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી શ્રી ગિરનાર તીર્થ અંગે જૂનાગઢના નવાબ સામે ચાલી રહેલા અદાલતી કેસમાં તેઓએ તીર્થરક્ષા કાજે અવર્ણનીય જહેમત ઉઠાવી હતી.

શ્રી સમેતશિખરજી તીર્થ, શ્રી તારંગા તીર્થ, શ્રી અંતરીક્ષજી તીર્થ જેવાં તીર્થોની વિકટ સમસ્યા ઉકેલવા માટે એમણે સમગ્ર સમાજને વિવેકદષ્ટિ, ઊંડી સૂઝ અને જરૂર પડે સાહસનો સદુપદેશ આપ્યાં હતાં. એ સમયના ભાવનગર રાજ્યના મુત્સદ્દી દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ પોતાના પુત્ર અને અનુગામી દીવાન શ્રી અનંતરાય પટ્ટણીને એમ કહ્યું હતું,

''તમને જ્યારે એવું લાગે કે આ કાર્ય અટપટું છે, બનવું મુશ્કેલ છે ત્યારે તમે કદંબગિરવાળા મારા દાઢીવાળા ગુરુજી પાસે પહોંચી જજો અને એમના આશીર્વાદ મેળવી લેજો.''

આ દાઢીવાળા ગુરુ એટલે શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી. એમના ગહન શાસ્ત્રજ્ઞાન, પ્રભાવક વ્યાખ્યાનશૈલી, કઠોર ધર્મચર્યા અને જીવંત દીર્ઘદષ્ટિને કારણે તેઓ જૈન અને જૈનેતર - એમ સમગ્ર પ્રજાસમૂહમાં આદરણીય બન્યા હતા. દેશના પ્રખર પંડિત એવા શ્રી મદનમોહન માલવિયાજી પણ એમનો સત્સંગ કરીને ધન્યતા અનુભવતા હતા. રાજા, મહારાજાઓ અને શ્રેષ્ઠીઓ એમની વ્યાખ્યાનશૈલીથી અને એમના પ્રચંડ વ્યક્તિત્વથી પ્રભાવિત થયા હતા. આટલી બધી કીર્તિ સાંપડી હોવા છતાં તેઓ અંતરથી નિ:સ્પૃહ અને આત્મલીન હતા.

વિ.સં. ૧૯૨૯ની કારતક સુદ ૧ ના રોજ મહુવામાં તેઓનો જન્મ થયો અને વિ. સં. ૨૦૦૬ના બેસતા વર્ષે મહુવામાં જ અંતિમ વિદાય લીધી. શનિવારે જન્મ અને શનિવારે પૂર્ણ દેહવિલય! ૨૦ ઘડી ૧૨ પળે જન્મ અને બરાબર એ જ સમયે પૂર્ણવિલય. ૭૭ વર્ષના જીવનકાળમાં તેઓએ એવાં કાર્યો કર્યાં કે એ સમયગાળાને શાસનસમ્રાટ નેમિસૂરિયુગ તરીકે ઓળખવામાં આવે છે.

શાસનના સિંહ તરીકે વિખ્યાત એવા શ્રી વિજયનેમિસૂરિજીના આઠ પટ્ટશિષ્યો જુદી જુદી જ્ઞાનશાખાઓના પ્રકાંડ અને સંઘમાન્ય વિદ્વાન આચાર્યો હતા. તેઓએ માત્ર જૈન સમાજની જ નહીં, બલ્કે ભારતીય સમાજ અને સંસ્કૃતિની સેવા કરી. આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનાં પુન:સ્થાપનમાં અમૂલ્ય પ્રદાન કરનારા આચાર્ય તરીકે તેઓ અગ્રિમ પંક્તિમાં બિરાજે છે. ❖❖❖

**।। શ્રી મહાવીર વાણી ।।**

જમીન પર પડતું પીળું પાન પોતાના સાથી પર્ણોને કહે છે - આજમે તમે જેવા છો એવું એક દિવસ હું પણ હતું. આજે જેવું હું છું એક દિવસ તમે પણ એવા હશો.

**શ્રી અનુયોગદ્વાર સૂત્ર**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ દ્વારા આયોજીત કારોબારી સમિતિ ૨૦૨૬-૨૦૨૯ ચુંટણી તા. ૦૧-૦૫-૨૦૨૩ અહેવાલ

સંકલન - શરદ એમ. ગાંધી

સવારે ૦૯.૦૦ વાગ્યાનો ચુંટણીનો સમય પરંતુ સભાના માનવંતા સભ્યોનો અનેરો આનંદ ઉત્સાહ સવારે ૭.૦૦ વાગે ચુંટણી કમીશ્નર CA શ્રી દિલીપભાઈ એમ. શાહ, - શ્રી નરેશભાઈ ત્રંબકલાલ શાહ અને શ્રી નિમેષભાઈ નવિનચંદ્ર શાહ, શ્રી મહેશભાઈ ત્રંબકલાલ શાહ -મુલુન્ડ મિત્ર મંડળના સ્વયંસેવકો તેમજ ડીજીટલ દુનિયાના ૬૦ સભ્યો સેવા આપવા હાજર થઈ ગયા.

સૌ પ્રથમ કમ્પ્યુટરમાં પાસવર્ડ (Password) આપવામાં આવ્યો. સૌ પ્રથમ CA શ્રી દિલીપભાઈ એમ. શાહ, શ્રી નિમેષભાઈ નવિનચંદ્ર શાહ, શ્રી દેવાંગભાઈ ગોપાણી તેમજ શ્રી સ્વપ્નીલભાઈ (ડિજીટલ એન્જીનિયર) આ ચારેય ભાઈઓના પાસવર્ડ આપવામાં આવ્યો. જે ચુંટણી પુરી થયા પછી આ ચારે ભાઈઓના પાસવર્ડ સાથે જ કમ્પ્યુટર ખુલે.

સવારે ૮.૩૦ વાગ્યાથી સભાના સભ્યોનું આગમન.

સવારે ૦૯.૦૦ વાગ્યાથી ચુંટણીની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી. સૌ પ્રથમ ૨૦૦ સભ્યોને મતદાન માટે મોકલવામાં આવ્યા. સભ્યોનું સભાનું I-Card તેમજ Photo I-card જોઈ OTP નંબર આપવામાં આવ્યો તે લઈને સૌ મતદાન મથકે Vote કરવા જવાનું. ખુબજ સુંદર જાજરમાન વ્યવસ્થા કરવામાં આવેલ. ૨૯ બુથો Computer સાથે Printer થી સજાવેલા હતા દરેક બુથની બહાર એક એક Engineer સભ્યોને જાણકારી આપવા માટે હતા તેમની સાથે આપણી સભાના કાર્યકર ભાઈ-બહેનો તો ખરા જ. કમીશ્નર CA શ્રી દિલીપભાઈ એમ. શાહ, જેઓ પુરેપુરી ચુંટણીની પ્રક્રિયામાં વ્યસ્ત હતા.

કાર્યવાહક સમિતીના સભ્યોનું ફોટા અને નામ સાથે ૨૯ ઉમેદવારોનું Computer માં Display થાય ત્યારબાદ પસંદગીના ૨૧ ઉમેદવારોના નામ પર Touch કરવાથી સભ્યોના Vote Register થઈ જતા હતા. Vote આપ્યા બાદ એક Print-out પણ આવતું હતું. જેમાં જે સભ્યોએ જેને Vote આપેલો હોય તે Print-out box માં મુકવાનું હતું. Counter પર બેઠેલા ભાઈ દરેક પેપર પર રબર સ્ટેમ્પ લગાડી અને Box માં મુકતા હતા. ખુબજ સરળ પદ્ધતી હતી અને મત આપનાર દરેક સભ્યોએ આ Computer પદ્ધતીના (Electronic voting) ખુબજ ભારોભાર વખાણ કર્યા અને સભા નવી ક્રાંતીથી આગળ વધે તેવી શુભ ભાવના - શુભ કામના, સમૃદ્ધ ઝાલાવાડની ભાવના ભાવી હતી. જેમ જેમ સભ્યો વોટ આપીને બહાર આવે ત્યારે દરેક મતદાતાને એક સ્વાદિષ્ટ Food Packet આપવામાં આવેલ.

અંતમાં, જેની આતુરતાપુર્વક રાહ જોવાતી હતી તે પરિણામ બરાબર સાંજે ૪.૩૦ કલાકે ચુંટણી કમિશ્નર શ્રી નીમેષભાઈ શાહે પૂર્ણ પરીણામ ની જાહેરાત કરી અને ૨૧ ઉમેદવારોને વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યા.

જગપ્રસિદ્ધ **ગીરનાર ચા દ્વારા ચા-કૉફીનું** નિઃશુલ્ક સેવા પ્રદાન કરવામાં આવેલ.

ખરેખર આ વખતની ચુંટણી માટે સભ્યોના ઉત્સાહ-ઉમંગ અનેરો હતો જેથી સભાના માન-સન્માનમાં ચાર-ચાંદ લાગ્યા. ચુંટણી કમીશ્નર CA શ્રી દિલીપભાઈ એમ. શાહ, સહ કમીશ્નર શ્રી નરેશભાઈ ત્રંબકલાલ શાહ અને શ્રી નિમેષભાઈ નવિનચંદ્ર શાહ તથા પુરી ટીમનો, સભાનાં ઑફિસ સ્ટાફે ચુંટણીના દિવસે પણ ખુબ સારી સેવા આપી તે બદલ તેમજ અમુલખ સ્કુલ શ્રી ઈશ્વરભાઈએ કેન્ટીનની અતિસુંદર વ્યવસ્થા માટે તેમનો પણ આભાર.



## ઝાલાવાડી સમાજ માટે એક પ્રેરણાદાયક ઉદાહરણ

૯૭ વર્ષની વયે શ્રી જયંતીલાલ મનસુખલાલ ગોપાણી સાહેબ મતદાન કરવા આવ્યા, તે આપણા સૌ માટે એક પ્રેરણાદાયક અને ગૌરવપૂર્ણ ઘટના છે. તેમણે પોતાના કર્તવ્ય પ્રત્યેની જાગૃતિ અને સમાજ પ્રત્યેની જવાબદારીનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મતદાન કરવાનું છે તેની ગંભીરતા તેમણે એટલી સારી રીતે સમજી કે આગલા જ દિવસે પોતાના પુત્ર રાજેશભાઈને ઝાલાવાડી સભાનું આઈ-કાર્ડ અને આધાર કાર્ડ તૈયાર રાખવા યાદ કરાવ્યું.

આ ઉંમરે પણ સમાજ પ્રત્યેની તેમની નિષ્ઠા અને જવાબદારીની ભાવના ખરેખર પ્રશંસનીય છે. તેમનો આ દાખલો આપણા તમામ સભ્યો માટે પ્રેરણારૂપ છે.

આશા રાખીએ કે આપણા ઝાલાવાડી સમાજના તમામ સભ્યો યુવાનો હોય કે વડીલો, સમાજના હિત માટે હંમેશા આગળ આવી પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે અને સમાજને વધુ ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં સહભાગી બનશે.

શ્રી જયંતીલાલભાઈને હાર્દિક વંદન તથા ખૂબ ખૂબ ધન્યવાદ. ❖❖❖

# વિલાતાં જીવનો !

**હરિશ્ચંદ્ર**

**અ**મારા નાના કસબામા પણ એક ફેશનેબલ સલૂન ખૂલી હતી. શહેરના જેવી જ આકર્ષક સજાવટ. ફર્નિચર, સાધનો, ટાપટીપ બધું જ આંજી નાખે એવું.

સ્વાભાવિક રીતે જ ગ્રાહકો તેની સામેની મગન વાળંદની દુકાન છોડી આ નવી સલૂન તરફ વળતા. મનેય મન તો થઈ જતું. પણ મગન વાળંદને એના બાપદાદાના વખતથી મરી દાઢી કરવાનો અને માથાના વાળ કાપવાનો અધિકાર મળેલો હતો. ઘણી વાર મને થતું કે નીચું માથું રાખી એની નજર ચૂકવી હું પણ આ નવી સલૂનનો સ્વાદ એકવાર ચાખી આવું. પરંતુ મગનના નંખાયેલા ચહેરા પર મારી નજર પડતી અને તેનો આ અધિકાર છીનવી લેતાં મારો જીવ નહોતો ચાલતો.

મગનના બાપ અને એમના બાપ અને એમનાયે બાપ વરસોથી વાળંદનો જ ધંધો કરતા આવ્યા હતા. પહેલાં એક ડે'લામાં બેસતા. પછી આ દુકાન જમાવી હતી. મગન નાનો હતો ત્યારથી હાથ અજમાવતો. એક વાર ભૂલથી અસ્તરો મારા કાન સુધી લઈ ગયેલો. એનો બાપ એના પર એવો ખીજાયેલો ! પણ પછી એણે આત્મવિશ્વાસપૂર્વક સરસ કામ કરવા માંડેલું. બાપ પચાસ-પંચાવનનો થયો તેટલામાં હુક્કો ગગડાવતો અને પોતરા રમાડતો આરામ કરી શકતો હતો. મગને બધું સંભાળી લીધેલું.

મગનના હાથમાં જાદુ હતો. હળવે હાથે એવી હજામત કરે કે ખબરેય ન પડે. વાળ કાપી લીધા પછી માથું છાતી સરસું લઈ ઘડીક એવી ચંપી કરે કે માથું હળવુંફૂલ થઈ જાય. સાથે બગલેય કાઢી આપે અને કાનના વાળ પણ. હાથ પગના નખ તો કાપી આપવાના ખરા જ. બધું કામ ભારે સ્ફૂર્તિથી કરે.

પરંતુ હું જોતો હતો કે નવી સલૂન ખૂલી પછી છ-બાર મહિનામાં મગન નંખાતો જતો હતો. એનો આત્મવિશ્વાસ ડગી ગયો હતો અને એનામાં સુસ્તી આવવા લાગી હતી. એની ઘરાકી તૂટી ગઈ હતી. ગરીબી એની ગૃહસ્થીમાં ડોકિયું કરી રહી હતી. થોડા મહિના જાણે એની ઉંમર દસ વરસ વધી ગઈ !

હું તો ન ભણ્યો, પણ મારા દીકરાને જરૂર ભણાવવો છે, એવી એને હોંશ હતી. એટલે કિશનને ભણાવવા એણે ઘણી મહેનત કરેલી. છતાં સાથે સાથે કહેતો કે ભણી-ગણીને પછી અમારો આ બાપીકો ધંધો કરવો હોય તો ભલે કરે. પરંતુ આજકાલ હવે મગન મને કહેવા લાગેલો, 'કિશનને કોઈ સરકારી નોકરીમાં લગાડી દો. તમારા જેવાના આશીર્વાદ હશે તો ઠેકાણે પડી જશે.'

એના ભાંગેલા મનોબળની આ નિશાની હતી. વાળ કાપતાં કાપતાં એ પોતાના મનનો ધૂંધવાટ બહાર કાઢતોઃ 'આ નવી સલૂન ખૂલી છે. ફેશન પાછળ બદા ગાંડા છે. અરે, છોકરો છે કે છોકરી તેનીયે ખબર નથી પડતી ! મોટા વાળ વધાર્યે જાય છે. કાપવાનું તો ખાસ કશું હોતું નથી. છતાં ભાવ અમારાથી બમણો ! બસ, પાંચ-દસ મિનિટની કાતરની કરામત. એવા મફતના પૈસા લેવા મારો ધરમ મને ના પાડે છે......'

'કિશન દુકાનમાં તમને મદદ કરતો થાય એટલે તમેય તમારી દુકાન સારી જમાવી શકશો. આજના જમાનામાં થોડું બાહ્ય આકર્ષણ પણ ઊભું કરવું પડે.'

'ના, ના. કિશન હવે આ ધંધામાં નહીં પડે. દુકાનદારીનો શો ભરોસો ? તેના કરતાં સરકારી નોકરીમાં લાગી જાય તો ગંગા નાહ્યા.'

બાપીકો ધંધો છોડી કિશન આમ નોકરી કરવા લાગે એ મને રુચતું નહોતું. પણ મગનને હું સમજાવી ન શક્યો. બાપ-દીકરો રોજ મારી પાસે આવીને નવી નવી અરજીઓ લખાવી જતા. પણ હું કિશનને નોકરી ન અપાવી શક્યો. ધીરે ધીરે એ લોકોની મારા પરની આસ્થા ઊઠતી ગઈ. એટલે એમણે બીજાને શોધી લીધા. નોકરી માટે મગને પૈસા આપવાની પણ તૈયારી બતાવી. અને એક દિવસ કિશન અઢીસો રૂપિયાની નોકરીનો નિમણૂક-પત્ર લઈ મારી સામે આવી ઊભો.

'હવે તો તું બાબુસાહેબ બની ગયો !' - મેં વધાઈ આપી. એક સંતોષ એના ચહેરા પર ચમકતો હતો હવે એ વાળંદનો દીકરો નહોતો, પણ સરકારી ઑફિસનો બાબુ હતો. હવે એની પાસે એક હેસિયત હતી. કદાચ મગન એ જ ઈચ્છતો હતો.

પાછળથી મને ખબર પડી કે મગન એની દુકાન અને ઘર છોડીને બીજે જઈ રહ્યો હતો. કિશનને અઢીસો રૂપિયાની નોકરી અપાવવા માટે એ લોકોને અઢી હજાર રૂપિયા આપવા પડ્યા હતા તેથી મગને પોતાની દુકાન અને ઘર કાઢી નાખ્યાં. મગનને મેં એ જ દુકાન ને ઘરમાં નાનેથી મોટો થતો જોયો હતો. એ ઘર છોડીને એ લોકો બહાર નીકળતાં હતાં ત્યારે મને તેઓ આત્મસમર્પણ કરનાર હારેલા સૈનિકો જેવા લાગ્યાં.

મગને ફરી પોતાની દુકાન જૂના ડે'લામાં શરૂ કરી દીધી. એક બાજુ કિશનને સરકારી નોકરી મળી અને બીજી બાજુ મગન પોતાના જૂના ડે'લામાં પાછો પહોંચી ગયો.

(શ્રી સતીશ જાયસવાલની હિંદી વાર્તાને આધારે)

❖❖❖

# આ લોકનું મમત્વ છોડ્યા વિના પરલોક સિધ્ધ થતો નથી

**— ગુણવંત બરવાળિયા —**

જીવણલાલ શેઠ એક મોટી પેઢીના માલીક અનાજ કઠોળની જથ્થાબંધ વેપાર અનેક ગોડાઉનો અને હવેલીમાં તેમના વૈભવનો વિસ્તાર શેઠ અર્થ પુરુષાર્થ સાથે કામભોગમાં પણ વ્યસ્ત. ધર્મ પણ કરે કપાળમાં આઠ દસ ટપકાં કરી શેઠ પેઢી ગાદીએ બેસે ઘરાક ન હોય ત્યારે રૂદ્રાક્ષની માળા ફેરવી ભગવાનનું નામ લેતા.



એક દિવસ નારદજીનું વિમાન એ શહેર પરથી પસાર થઈ રહ્યું હતું તેમને શહેર જોવાની ઈચ્છા થઈ શહેર જોતાં જોતા જીવણલાલ શેઠ ને પેઢી પર રૂદ્રાક્ષની માળા લઈ રામનામ જપતા જોયા.

નારદજી તો શેઠને અહોભાવથી જોતા જ રહી ગયા : અહાહા ! કેવા ભક્ત જીવ છે ! નારદજીએ શેઠના લલાટમાં ચંદનનાં આઠ-દસ તિલક જોયાં. હાથમાં રુદ્રાક્ષની માળા જોઈ. અને તેમણે શેઠને ભક્ત માની લીધા. તે તેમની પેઢીએ ગયા. શેઠે નારદજીને જોયા. ખૂબ જ ખુશ થયા. પેઢીમાંથી નીચે ઉતરીને નારદજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. નારદજીએ પોતાના બે હાથથી પકડીને તેમને ઊભા કર્યા. શેઠની આંખમાં આનંદનાં આંસુ છલકાઈ આવ્યાં. ગદ્‌ગદ્ કંઠે બોલ્યાઃ

હે દેવર્ષિ ! આપ મારા આંગણે પધાર્યા. ધન્ય બની ગયો હું ! કલ્પવૃક્ષ મારા બારણે આવ્યું. મને કામધેનું, કામકુંભ મળી ગયો ! પધારો ગુરુદેવ ! પધારો ! મારી ગરીબની ઝૂંપડી પાવન કરો !

નારદજી તો શેઠના વિનય અને ભક્તિથી પાણી પાણી થઈ ગયા. શેઠની દુકાનના પગથિયાં ચડી ઉપર આવ્યા. શેઠે તેમને વિનયથી અને પ્રેમથી ગાલીચા પર બેસાડ્યા અને બે હાથ જોડીને ઉભો રહ્યા.

નારદજીએ કહ્યું : શેઠ ! તમે આ સંસારમાં કેવી રીતે રહી ગયા ? તમારા જેવા ભક્તને તો વૈકુંઠમાં સ્થાન મળવું જોઈએ.

શેઠે કહ્યું : પ્રભો ! મારું એવું ભાગ્ય ક્યાંથી કે મને વૈકુંઠમાં સ્થાન મળે ? હું તો અભાગી છું, પ્રભો !

ના શેઠ ! ના. એમ બની શકે જ નહિ. ભગવાન તમારા જેવા ભક્તને વૈકુંઠમાં સ્થાન નહિ આપે તો કોને આપશે ? હું વૈકુંઠમાં જઈને ભગવાનને કહીશ ! ભગવાન દયાળું છે. તે તુરત જ તમને વૈકુંઠમાં પ્રવેશ આપશે. તો ચાલવું છે ને શેઠ ! વૈકુંઠમાં ?

નારદજીએ જીવણ શેઠ સામે જોયુ. શેઠ નારદજીના ચરણોમાં માથું મૂકીને કહ્યું : ભગવંત ! તમને શું કહું ? મારા તો રોમેરોમમાં રામનો નાદ ગૂંજી રહ્યો છે ! આ સંસારમાં મને જરાય ચેન નથી. મને જો વૈકુંઠ મળી જાય તો આહા પ્રભો ! મારા ભવોભવના ફેરા મટી જાય ! કૃપા કરો દેવર્ષિ ! વૈકુંઠ વિના મારે કંઈ જ જોઈતું.

શેઠની વાત સાંભળી નારદજી પ્રસન્ન થઈ ગયા.

વૈકુંઠ જઈ નારદજીએ ભગવાનને ઠપકો આપતાં કહ્યું તમને ભક્તોની કંઈ પડી નથી ભગવાન કહે શું વાત છે નારદજી - નારદજી કહે પ્રભો જીવણશેઠને વૈકુંઠ બોલાવો પ્રભુએ એક ક્ષણ આંખમીચી પછી કહ્યું દેવર્ષિ એ શેઠ વૈકુંઠ નહિ આવે નારદજી કહે ના ચોક્કસ આવશે પ્રભુ કહે આ મારું વિમાન લઈને શેઠને લઈ આવો.

નારદજી ઉપડ્યા શેઠ પાસે ને કહ્યું વિમાન લઈને તમને લેવા આવ્યો છું. ચાલો વૈકુંઠ.

જીવણ શેઠે કહ્યું : મહાત્મન્ ! જ્યારે આપ પહેલા પધાર્યા અને મને વૈકુંઠ લઈ જવાની વાત કરી ત્યારે મને ખૂબ જ આનંદ થયો હતો. ઘરે જઈને મેં તુરત જ છોકરાની માને કહ્યું હતું કે હવે હું સંસારમાં નહિ રહું. મારે હવે વૈકુંઠમાં જવું છે. નારદજી મને લેવા આવવાના છે. મારી આ વાત સાંભળી છોકરાની મા રડી પડી. રડતાં રડતાં તેણે કહ્યું : તમારે વૈકુંઠમાં જવું હોય તો ભલે જાવ. પણ જતાં પહેલાં છોકરાના લગન કરાવીને જાવ. તમને વૈકુંઠ જતાં હું રોકતી નથી. હવે તમારી વૃદ્ધાવસ્થા છે, ત્યારે તમને વૈકુંઠ જતાં હું કેવી રીતે રોકું ? પરંતુ છોકરાનાં લગન કરાવીને જાવ. લગનને

હવે વાર પણ શી છે ? મહા મહિનામાં તો મુહૂર્ત છે. તો લગન પતાવીને ભલે તમે સુખેથી વૈકુંઠ પધારજો.

નારદજીએ પૂછ્યું : તમે શું કીધું, પછી ?

જીવણશેઠે કહ્યું : મેં કહ્યું કે છોકરાને લગન કરવાં હશે તો એ કરશે હવે મારું મન ક્ષણભર માટે પણ સંસારમાં નથી લાગતું.

મારી વાત સાંભળી છોકરાની મા ગુસ્સે થઈ ગઈ. આપને શું કહું કે એ શું શું બોલી ! એ સાંભળીને મને ખૂબ જ દુ:ખ થયું.

પ્રભો ! બૈરાંની જાત ! આપને પણ ગાળા દીધી...ત્યારે મારાથી ન રહેવાયું. મે કહ્યું : બસ બાબા ! બસ ! નારદજીને તું ગાળો ન દે. કહે છે તો છોકરાનાં લગન કરાવીને પછી જઈશ. આમ કહ્યું ત્યારે તે શાંત થઈ ભગવંત ! તમે જ કહો કે તમારી નિંદા મારાથી કેમ સહન થઈ શકે ? હું તો તમારી સાથે હમણાં જ વૈકુંઠ આવવા તૈયાર છું, પણ લોકો તમને ગાળો દે, તમારી નિંદા કરે.....

પ્રભો, મહામહીના પછી જરૂર આવીશ પધારજો.....

નારદજી ફાગણ મહિને વિમાન લઈ જીવણશેઠનાં વૈકુંઠ માટે તેડા કરવા આવ્યા શેઠ કહે, દેવર્ષિ આપ નિષ્કામ કરુણાવંત પુરુષ છો પણ મારા ઘરમાં વૈકુંઠની વાત કરી તો છોકરાની માએ કહ્યું : તમે તો મનથી વૈકુંઠમાં જ છો. તમારા માટે તો ઘર જ વૈકુંઠ છે. છતાંય વૈકુંઠમાં જવું હોય તો છોકરાના ઘેર છોકરો થાય ત્યારે ખુશીથી જજો. હમણાં જશો તો કદાચ તમને થશે કે અરેરે ! છોકરાનું મોં પણ ન જોયું ! આવી વાસના મનમાં રહી જાય અને તમે વૈકુંઠ જાવ તે યોગ્ય નથી. વધુ નહિ. બસ એકાદ વર્ષ, ઘરે છોકરાનું પારણું ઝુલાવ્યા પછી જરૂર જજો.... .

શેઠે કહ્યું : મહર્ષિ ! જીવનભર જેની સાથે રહ્યો. તેની ઈચ્છાને કચડીને હમણાં વૈકુંઠ આવવું મને યોગ્ય નથી લાગતું. હા, મને મનથી તો કોઈના પ્રત્યે રાગ નથી. એકાદ વર્ષ સંસારમાં રહી જઈશ તો તેમનું મન રાજી રહેશે. આપ કૃપા કરી આવતા વર્ષે પધારશો તો આપનો ઉપકાર ભવોભવ નહિ ભૂલું....

વૈકુંઠ જવા માટે મરવું પડે જીવન શેઠને જીવન વહાલું હતું મૃત્યુ નહિ. માટે જ વાયદા આપતો જતો હતો.

એક વર્ષ પછી નારદજી શેઠને લેવા આવ્યા પેઢીની ગાદી પર શેઠ નહિ શેઠનો પૂત્ર બેઠો હતો તેને નારદજી પૂછતાં શેઠ મૃત્યુ પામ્યા હતાં તે જાણવા મળ્યું નારદજી સીધા ગયા ભગવાન પાસે અને ભગવાનને શેઠ નું સરનામું પૂછયું.

દેવર્ષિ નાહકના હેરાન થાઓ છો શેઠ વૈકુંઠ નહિ આવે તે મૃત્યુ પામ્યાને પોતાનાંજ અનાજના ગોડાઉનમાં બીલાડો થયાં છે.

નારદજીએ ત્યાં જઈને બિલાડાને પ્રતિબોધ પમાડવાનું વિચાર્યું. બિલાડો થયા તો શું થયું ? આખર તો એ આત્મા જ છે ને ? જ્ઞાની પુરુષોની નજરમાં તો દેવ હોય કે માનવ, તિર્યંચ પશુ હોય કે નારકીનો નારક, બધા જ સમાન છે. કલેવર બિલાડાનું છે પણ છે તો એ સચ્ચિદાનંદ આત્મા જ ને ?

નારદજી પહોંચ્યા ત્યાં શેઠના છોકરાને મળ્યા અને કહ્યું : ભાઈ ! મારે તારા અનાજના ભંડાર જોવા છે. ચાવી લઈને મારી સાથે આવીશ ?

મહારાજ ! આપને અનાજ જોઈએ છે ને ? આપ કહો તો અહીં અનાજ મંગાવીને આપને આપું છોકરાએ કહ્યું :

ના ભાઈ ! મારે અનાજ નથી જોઈતું, મારે તો અનાજના તારા ભંડાર જોવા છે.

છોતરાએ મુનિમજીને ચાવી આપીને નારદજી સાથે મોકલ્યો. મુનિમે ગોદામ ખોલી દીધાં. મુનિમને બહાર ઊભા રાખી નારદજી અંદર ગયા. અંદર ઘોર અંધારું હતું. ચારે બાજુ અનાજની ગુણો પડી હતી. નારદજી અંદર જવા લાગ્યા... જતાં તેમણે બિલાડાની રેડિયમ જેવી ચમકતી આંખો જોઈ. નારદજીને સંતોષ થયો, આનંદ થયો. કારણ કે તેમને શેઠ મળી ગયા !

નારદજી એકદમ બોલી ઉઠ્યા : અરે શેઠજી !

ઓહ પ્રભુ ! આપ અહીં પણ પધારી ગયા ? કેટલા બધા દયાળું છો તમે ? ! મારા જેવા પાપીનો ઉદ્ધા કરવાની કેવી ઉચ્ચ ભાવના છે આપના હૈયે !

નારદજીને આ સાંભળી થોડોક ગુસ્સો ચડ્યો. પણ ગુસ્સો દબાવીને કહ્યું : શેઠ ! એ બધી વાત છોડી દો. અને હવે જલ્દી ચાલો મારો સાથે વૈકુંઠમાં અને જો ન આવવું હોય તો ના કહી દો મને.

બિલાડો બોલ્યો : ઓહ પ્રભુ ! વૈકુંઠ મને કેટલું વ્હાલું છે એ તમને કેવી રીતે બતાવું ? સંસાર પર મને કોઈ રાગ નથી. હું તો હમણાં જ આપની સાથે આવવા તૈયાર છું...

તો ચાલો ! હવે વિલંબ ન કરો. તમને શી ખબર કે કેટલી મુશ્કેલીએ મેં તમને શોધી કાઢ્યા છે.

દેવર્ષિ ! મને અહદ રહેવું જરાય પસંદ નથી. અહીં હું તદ્દન અપરિગ્રહી જીવન જીવું છું. માત્ર છોકરાના પ્રત્યે કરુણાભાવથી અહીં પડ્યો છું. છોકરાએ અનાજનો ધંધો કર્યો છે. હજારો કોથળા અનાજથી ભરેલા છે. અહદ ઉંદરોનો ઉપદ્રવ છે. અહીં હું બેઠો છું તેથી કોઈ ઉંદર અહીં ફરકતો નથી. તેવી અનાજનું રક્ષણ થાય છે, પ્રભો !

પરોપકારાય સતાં વિભુતયઃ ના સિદ્ધાંતનું પાલન કરી રહ્યો છું. કેમ ખરી વાતને ?

જોઈ ને શેઠની દયા ? કેવા કરુણાવંત છે બિલાડા શેઠ ? નારદજી તો સાંભળી જ રહ્યા ! તો તમે મારી સાથે આવતા નથી એમ ને ? ગુસ્સાથી રાડ પાડીને નારદજીને પૂછ્યું.

ભગવંત ! આવવાની હું ક્યાં ના પાડું છું. માત્ર પંદરેક દિવસનો જ પ્રશ્ન છે. છોકરાએ માલ બધો વેચી નાંખ્યો છે. માત્ર પંદરેક દિવસમાં માલની ડીલીવરી લઈ જશે. બસ પ્રભો ! ત્યાર પછી હું તમારી સાથે વૈકુંઠમાં જ રહીશ. હું ને તમે બંને વૈકુંઠમાં !

કેમ પ્રભો ! બોલ્યા કેમ નહિ ? નારદજી શું બોલે ? આપણા પ્રત્યેકમાં રહેલી જીવણ વૃત્તિ ને દેવર્ષિનો સંદેશ છે કે આ લોકનું મમત્વ છોડ્યા વિના પરલોક સિધ્ધ થતો નથી.

❖❖❖

# તીર

**અંબુભાઈ શાહ**

''**એ** સૂર્યવંશી ! કયાં સુધી ઘોરવું છે ? દુકાને ક્યારે જઈશ ? ચાલ ઊઠ, ઝટ તૈયાર થા !'' મનહરલાલે પુત્રને ઉઠાડતાં કહ્યું. પુત્ર તરત ઊઠ્યો. પણ પિતાના શબ્દો એની છાતીમાં વાગ્યા. મારનો ઘા કંઈક હળવો બને છે ? - એ જોવા પુત્રે ખુલાસો કર્યો : ''રાતે મોડે સુધી નામું લખ્યું હતું એટલે જરા મોડું...''

''હું તને ન ઓળખતો હોઉં તો ને ?'' પિતા વચ્ચેથી જ ગરજ્યા. 'લખ્યાં નામું હવે ! ખાલી બહાનાં ન બતાવ. ઊંઘણશી છે ઊંઘણશી !'

પુત્રના મનમાં થયું, ''શું પોતે નામું નહોતું લખ્યું ? પોતાના ઉપર આટલો બધો અવિશ્વાસ ?'' ઘા વધુ ઊંડો થયો. ખિન્ન મને પુત્ર દુકાને ગયો..... મુનીમ આજે દુકાને મોડા આવ્યા. પુત્રે તરત ટકોર્યા: ''કેમ મોડા ?''

પ્રશ્નનો ધ્વનિ અને રીત મુનીમને ખટક્યાં. પણ એ સમજુ અને પીઢ હતા. શાંતિથી ખુલાસો કર્યો કે, ''પત્નીની તબિયત સારી ન હતી, તેથી મોડું થયું.'' પણ શેઠ-પુત્રે રોકડું પરખાવ્યું કે, ''એવાં બહાનાં કાંઈ ચાલેબાલે નહિ. નોકરી કરવી હોય તો વખતસર આવતાં શીખો.'' મુનીમને ભારે આશ્ચર્ય થયું : નાના શેઠ કોઈ દિવસ આ રીતે વાત કરતા નથી, અને આજે આમ કેમ ? પણ મનમાં સમસમીને બેસી રહ્યા.

મુનીમના મનમાં પત્નીની બીમારીની ચિંતા ઓછી ન હતી. એમાં નાના શેઠના આ વર્તાવથી ભારે ઉદ્વેગ થયો. બપોરે ઘેર જમવા જતાં બીમાર પત્ની માટે પપૈયો લઈ જવાનું તે ભૂલી ગયા. ઘેર પહોચતાં લાગલાં જ પત્નીએ પૂછ્યું, ''પપૈયો લાવ્યા ?'' ત્યાં તો મુનીમજી તાડૂકીને બોલ્યા, ''બસ, દુકાને શેઠ અને ઘેર શેઠાણી ! હજુ પગ મૂક્યો નથી કે હુકમ છૂટ્યો નથી.''

પત્નીને ભારે દુઃખ થયું. માત્ર ''પપૈયો લાવ્યા ?'' એમ પૂછ્યું, એને પણ હુકમ ગણ્યો ? જિંદગી આખી પતિની ઈચ્છાને આધીન બનેલી પત્ની આજે બપોરે વ્યથિત હૈયે સમસમીને પથારીમાં સૂઈ જ રહી.

બપોરના મોડેથી જૂનાં કપડાંના બદલામાં વાસણ આપનાર વાઘરણ બહેને આવી બારણે સાદ પાડ્યો. આ બીમાર બહેને ઊભાં થઈ બારણે આવી વાસણવાળી બહેનને જોરથી કહ્યું : ''બધાં ચોર છો ચોર. ધૂતવા જ નીકળ્યાં છો !'' અને બારણું ધડ બંધ કરી, જઈને પથારીમાં પડતું મૂક્યું. વાઘરણ બહેનને ક્રોધ તો ઘણોય આવ્યો, પણ બંધ બારણા સામે બડબડીને જ આગળ વધવું પડ્યું.

થોડી વાર પછી આ બહેન દાતણ વેચવા નજીકના બજારમાં પાથરણું પાથરીને બેઠાં. સાંજ પડવા આવી હતી. દુકાન વધાવીને ઘર ભણી જતાં મનહરલાલ બજારમાં દાતણ લેવા આવ્યા અને આ બહેન પાસેથી દાતણ લીધાં. સારાંનરસાં જોતાં, એક વધુ દાતણ ખ્યાલ બહાર હાથમાંની ઝોળીમાં પડી ગયું. દાતણવાળી બહેને આ જોયું. મનહરલાલે પૈસા આપી ચાલવા માંડ્યું, ત્યાં જ બહેને હાક મારી : ''એ ચીનના શાહુકાર ! ગણતાં આવડે છે કે નહીં ? વધનું દાતણ પાછું આપતા જાવ !''

મનહરલાલ તો આભા જ બની ગયા. ઝોળીમાં જોયું તો એક દાતણ વધારે હતું. તે પાછું આપતાં બચાવમાં કહેવા લાગ્યા, 'જાણી કરીને નથી લીધું. અજાણતાં પડી ગયું હશે.'' પણ દાતણવાળી બહેને તો સંભળાવ્યે જ રાખ્યું. મનહરલાલે જતાં જતાં એના શબ્દો સાંભળ્યા : ''હું તમ રોખા લોકને આળખતી ન હોઉં તો ને ? લ્યો, બતાવ્યું બહાનું - જાણી કરીને નથી લીધાં ! ચીનના શાહુકાર છો શાહુકાર.'' એવા લહેકાથી આ શબ્દો બોલાયા કે આજુબાજુના લોકો પણ મનહરલાલ તરફ જોઈ રહ્યા. તેમને થયું કે ધરતી મારગ આપે તો સમાઈ જવું સારું.

સવારે મનહરલાલે જે શબ્દોનું તીર છોડ્યું હતું તે જ તીર સાંજ સુધીમાં અનેકનાં દિલ વીંધતું આવીને તેમને જ વાગ્યું.

❖❖❖

## ઑગસ્ટ ૨૦૨૬ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર

**Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫-૦૭-૨૦૨૬ પહેલા**

**શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**ઑગસ્ટ ૨૦૨૬ ના અંક માટે કુલ ૫ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.

રવિવારે તકલીફ ન આપવી.

સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી

તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.

Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.

Colour Page ની જાહેરખબર રાહ ન જોતા તરતજ મોકલાવો.

ફક્ત ૧૨/૧૬/૨૦ પાનાં જ લેવામાં આવે છે.


## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યા બંધ છે, તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેબસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રેસમાં ફેરફાર કરવો હોય તો વોટ્સએપ નં. 88508 30865 પર જુનુ/નવું સરનામું - મેમ્બરશીપ નં. અથવા અન્ય વિગત ફક્ત વોટ્સએપ પર જ મોકલવી. ફોન કરવો નહી.**

# જીવનસંધ્યામાં ઝંઝાવાત

શ્રેણીક દલાલ



'**ભૂ**લો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહિ, અગણિત છે ઉપકાર એના એ કદિ વિસરશો નહિ. અસહ્ય વેઠી વેદના ત્યારે દીઠું તમ મુખડું, એ પુનિત જનના કાળજા પત્થર બની છુંદશો નહિ.'

મા-બાપ પોતાના અંશમાંથી બાળકનું સર્જન કરે છે અને સંતાનના જન્મ સમયે મા-બાપ જે સુખ માણે છે તેવું સુખ જીંદગીમાં કદિ મળતું નથી.

મા ગર્ભસ્થ શિશુનું નવ નવ મહિના સુધી જીવની જેમ જતન કરે છે. અસહ્ય પ્રસવપીડા વેઠીને મા શિશુને જન્મ આપીને પોતાના ધાવણથી શિશુનું પોષણ કરે છે. મા-બાપ બાળકનાં લાલનપાલન અને ઉછેરમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરી દે છે તથા કોઈ પણ કસર બાકી રાખતા નથી. મા-બાપ પોતે દુઃખનો તાપ વેઠીને સંતાનને સુખનો છાંયો આપે છે તથા તેઓ પેટે પાટા બાંધીને બાળકને શિક્ષણ આપે છે. મા-બાપ સંતાનને ઉછેરતા ઉછેરતા પોતાના મનમાં કાલ્પનિક ઘોડાઓ દોડાવે છે કે અમારું, સંતાન મોટું થઈને દુનિયામાં કુટુંબનું નામ રોશન કરશે.

મા-બાપ સંતાનને પા પા પગલીથી માંડી પોતાના પગ પર ઊભા કરવા સુધી પોતાનું સુખ પણ નેવે મૂકીને રાત-દિવસ જોયા વગર તેના જતનમાં વર્ષો વિતાવે છે. મા-બાપ સંતાનના મળમૂત્ર લૂછવામાં જરી પણ સંકોચ અનુભવતા નથી તથા સંતાનને પોતાના હૈયે વળગાડીને હૂંફ આતા પોતાની જાતને ધન્ય માને છે. સંતાનના સુખમાં પોતાનું સુખ સમાયેલું છે તે સુખ જોવા માતાપિતા તલસતા રહે છે.

ઘરડે ઘડપણ શરીર સાથ ન આપે ત્યારે આંખના રતન જેવો દીકરો તેમની લાઠી બને એવી તેમને અપેક્ષા હોય છે. જીવનની સંધ્યા ટાણે તેમના સંતાનો તેમના માટે વિસામો પૂરો પાડે તેવી આશા સેવતા હોય છે.

આવા મા-બાપનું ઋણ તો સાત જન્મે પણ ચૂકવી શકાય નહીં. વૃક્ષ કેરી કલમ લઈ, પૃથ્વી ડેરો કાગળ કરી, મહાસાગરની શાહી ભરીને લખવા બેસીએ તો પણ મા-બાપના ગુણનો પાર ન આવે.

'ભીને સૂઈને પોતે અને સૂકે સુવડાવ્યા આપને એની અમીમય આંખને ભૂલીને ભીંજવશો નહિ.'

પરંતુ આ કળિયુગનો જમાનો આવ્યો અને આ શું...? આમ કેમ...? આજના અમુક અવિચારી સંતાનો વર્ષોના વહાણા વિતિ જતા તથા આધુનિક જમાનાના રંગે રંગાઈ જતા તેમની વાણી, વિચારો અને વર્તણૂંકમાં ફેરફારો આવી જાય છે. અંગત સ્વાર્થને ખાતર તેઓ મા-બાપની લાગણીને ઠેસ પહોંચાડતા તેમની હાલત કફોડી બની જાય છે. મા-બાપનું આવું દુઃખ સમગ્ર આલમમાં ક્યાંય જોવા મળતું નથી અને તે વર્ણવવું બહુ જ કઠિન છે. અમુક સંતાનો મા-બાપનો સહવાસ પોતાના પર ભારરૂપ લાગતા તેઓને વૃદ્ધાશ્રમમાં મૂકતા લેશ માત્ર શરમ અનુભવતા નથી ત્યારે મા-બાપે દોડાવેલા કાલ્પનિક ઘોડા લથડીને પટકાઈ પડે છે.

મા-બાપે રચેલા હવાઈકિલ્લાઓ પત્તાના મહેલની માફક કડડભૂસ થઈ તૂટી જાય છે. એ જ સંતાન પોતાના બાળપણના દિવસો ભૂલી જાય છે કે મા-બાપે આપેલા ભોગે પોતાના ઉછેરમાં કેટલો મોટો ફાળો ભજવેલો અને આખરે તે સંતાન મા-બાપનું ઋણ ચૂકવવામાં નિષ્ફળ જાય છે.

ઘણા એવા પણ ઉદાહરણો જોવા મળ્યાં છે કે આજ્ઞાંકિત સંતાન પરણીને ઘરમાં આવેલી પત્ની સાથે રહેતા રહેતા વહુઘેલો બની જાય છે. પત્નીની ચઢામણીથી એ સંતાનને પોતાના મા-બાપની વર્તણૂંકમાં વાંક દેખાવો ચાલુ થાય છે. તેઓ મા-બાપને પોતાનાથી જુદા રાખવામાં જરા પણ ક્ષોભ અનુભવતા નથી. મા-બાપના વિચારો હવે એ જ સંતાનને જૂનવાણી લાગે છે તથા પોતાની જોડે મેળ જામતો ન હોવાથી મા-બાપની કદર કરવામાં ઓટ આવે છે.

હમણાં હમણાં ઠેર ઠેર વૃદ્ધાશ્રમો ખૂલવા માંડ્યા છે, જે ચલાવવામાં ઘણી સંસ્થાઓ દાન આપી તે આશ્રમની પ્રગતિ કરવામાં મોટો ભાગ ભજવે છે. ઘણા સંચાલકો, કાર્યકરો માનદ્ સેવા પણ આપતા હોય છે. મોટી મોટી સખાવતો મળતા તે આશ્રમોમાં ઘણી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે, જેથી તરછોડાયેલા મા-બાપનો સમય શાંતિથી પસાર થઈ શકે. સવારે ઉઠતાં સમૂહ પ્રાર્થના

કરવામાં આવે છે, યોગાસનો અને કસરતો કરાવવામાં આવે છે તથા ધરમધ્યાન, એકાગ્રતાના વર્ગો ચલાવવામાં આવે છે. બગીચામાં બાગકામ, જેમ કે ફૂલ-ઝાડ ઉછેરવા, પાણી સીંચવામાં તેઓ મદદ કરે છે. ભોજન, આરામ, વાંચન માટે વ્યવસ્થા પણ કરવામાં આવે છે. રાતે સૂતા પહેલા બધા ભેગા થઈને સમૂહપ્રાર્થના કરે છે. સમય પસાર કરવામાં આ આશ્રમો તરછોડાયેલા મા-બાપ માટે સ્વર્ગ બની જાય છે તથા નરકની તરછોડાયેલી યાતનાઓ ભૂલી જાય છે.

'સંતાનની સેવા ચાહો તો સંતાન છો સેવા કરો'
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ.'

'જેવી કરણી તેવી ભરણી' એ આજકાલના સંતાનોએ ભૂલવું ન જોઈએ. અમદાવાદના સુખી-સંપન્ન પરિવારનો દાખલો આંખ ઊઘાડનારો છે. વૈભવી કુટુંબમાં લાડકોડથી ઉછરેલો દીકરો લગ્ન પછી પત્નીની ચઢામણીને કારણે સ્વતંત્ર રહેવા માગતો હતો, પરંતુ મા-બાપની લાગણીના તંતુથી બંધાયેલા એ દીકરાએ જુદા થવાને બદલે તેમને બંગલાના પ્રાંગણમાં બાંધેલી એક ઓરડીમાં રહેવા સમજાવ્યા તથા નોકરચાકરની વ્યવસ્થા માટે તે દીકરાએ મા-બાપને એક ઘંટડી પણ આપી રાખી, જેથી તેઓને કોઈ પણ જરૂર હોય તો એ વસ્તુ હાજર થઈ જાય. વખત જતા દીકરાને ત્યાં પારણું બંધાયું પાંચ સાત વર્ષોના વહાણા વિત્યા બાદ પૌત્ર દાદા-દાદીની ઓરડીમાંથી ઘંટડી છાનીમાની પોતાના રૂમમાં લઈને આવ્યો. પૌત્રના રૂમમાં ટેબલ પર ઘંટડી જોતાં દીકરાએ તેને વાર્યો અને ઘંટડી દાદાને પરત આપી આવવા જણાવ્યું, ત્યારે પૌત્રે પોતાના પિતાને સણસણતો જવાબ આપતા જણાવ્યું કે આ ઘંટડી મેં રમવા માટે નહિ પરંતુ તમે જ્યારે વૃદ્ધ થશો ત્યારે આ ઘંટડી હું આપને આપીશ જેથી અત્યારથી મેં મારા રૂમમાં રાખી લીધી છે. બાળકને સંસ્કાર ઘરમાંથી જ મળે છે. જેને કોઈ ના પહોંચે એને એનું પેટ જ પહોંચે એ કથન સત્ય છે.

દક્ષિણ મુંબઈમાં આવેલા બાબુલનાથ વિસ્તારમાં બનેલી આ સત્ય ઘટના પણ પ્રેરક છે. મધ્યમ પરિવારના મા-બાપનો એકનો એક પુત્ર જન્માષ્ટમીને દિવસે ગીરદીમાં ગુમ થઈ ગયો ત્યારે તેની માતા બેબાકળી બની ગઈ તથા શોધાધોધ કરતા પણ ન મળતા છેવટે પોલીસસ્ટેશને જઈ મિસિંગની ફરિયાદ નોંધાવી. નસીબજોગે ગણતરીના કલાકોમાં બાળકની ભાળ મળી ગઈ. આની જાણ મા-બાપને કરવામાં આવતા મા-બાપ હાંફળાફાંફળા થતા પોલીસસ્ટેશને આવ્યા અને પોતાના વ્હાલાસોયા પુત્રને જોતાં જ તેની મા દીકરાને વળગી પડી તથા ચોધાર આંસુ સાથે રડી પડી. આ ઘટનાથી પોલીસોના હૃદયો પણ દ્રવી ઊઠ્યા. ઘરે જઈને માએ તેના પતિને ગળગળા સ્વરે કહ્યું કે હું થોડા કલાકનો પણ પુત્રવિરહ જીરવી શકી નથી તો લગ્ન પછી તરત જ મેં તમારા માતા પિતાથી જુદા થવા જીદ કરી અને તમે તેઓને ગામના ખોરડામાં મોકલી દીધા. તેઓએ કેવી રીતે આટલાં વર્ષો વિતાવ્યા હશે. પેટે પાટા બાંધીને તમને જેમણે મોટા કર્યા છે એમને જ મેં તમારાથી અળગા કરીને હું તેઓની ગુનેગાર બની છું. તમને વિનંતી કરું છું કે તમે આજેને આજે જ તેઆને પાછા બોલાવી લો. હું આજીવન તેમની સેવા કરી પ્રાયશ્ચિત કરવા માગું છું.

આપણે સમજવું જોઈએ કે આ સગાઈ આ ભવની જ હોય છે તો આપણે શા સારુ અશાંતિ કે અજંપા સાથે રહેવું જોઈએ. મતભેદ થાય તો ચલાવી લેવાય પરંતુ મનભેદ કુટુંબમાં તમાશો બની જાય છે, જે અડોશ પડોશ તથા સમાજમાં લોકોને મફતમાં જોવા મળે છે.

'ધન ખરચતા મળશે બધું પણ માતા-પિતા મળશે નહિ,
એના પુનિત ચરણો તણી ચાહના કદી ભૂલશો નહિ.'

મા-બાપ સાથેનો સંબંધ બાંધવાનો હોતો નથી, જેથી બગાડવાનો કે તોડવાનો સવાલ જ ઉત્પન્ન થતો નથી. જે સંબંધ બંધાતો હોય તે તૂટે. મા-બાપનો સંબંધ તો જન્મથી જ અતૂટ છે. મા-બાપ વિના સંતાનનું અસ્તિત્વ અસંભવ છે. જગતમાં બીજા બધા સંબંધો વિના ચાલે પણ મા-બાપ વિના... ? બીજા બધાને ભૂલી શકાય પરંતુ શું મા-બાપને ભૂલી શકાય... ? ના...ના...ના...કો'ક કારણોસર મા-બાપ જોડે અબોલા થાય કે સંજોગવશાત જુદા રહેવાનું થાય તો પણ દીકરા કે દીકરીના મા-બાપ તો કદી મટી શકતા જ નથી. જ્યારે માણસને ઠેસ વાગે કે પડી જાય કે દુઃખ આવી પડે તો કુદરતી રીતે 'ઓ બાપ રે...'ઓ માડી રે...' બોલાઈ જવાય છે. ત્યારે ભાઈ-બહેન કે પત્ની કે મિત્ર યાદ નથી આવતા.

મા-બાપ સંતાનને બાળપણથી જ પ્રેમ આપતા રહે છે. પરંતુ વૃદ્ધાવસ્થામાં સંતાનો મા-બાપને પ્રેમ આપવાનો રહે છે. એવા સમયે તેઓની ઉપેક્ષા ન કરવી જોઈએ. બે ઘડી તેમની પાસે બેસી પ્રેમથી વાત કરતા તેઓને શાંતિ અને રાહત મળી રહે છે. તેઓને ડૉક્ટર કે નર્સની જરૂર નથી પરંતુ દીકરાની કે દીકરીરૂપી વહુની જરૂર છે.

આજકાલના યુવાનો સ્વતંત્ર વિચારસરણી ધરાવતા થઈ ગયા છે. સ્વતંત્રતાનો સ્વાદ ચાખ્યા પછી જ્યારે તેઓ

સ્વચ્છંદી બની જાય છે ત્યારે જ મા-બાપ માટે ખરી સમસ્યાઓ શરૂ થાય છે. આવા સંજોગોમાં મા-બાપ સમય પારખીને શરૂઆતથી જ 'લેટ ગો'ની ભાવના રાખે અને દીકરા તથા વહુની સાથે તાલમેલ જાળવવા તેમને અનુકૂળ થઈ જાય તો ઘણીખરી સમસ્યાઓનો નિવેડો આવી જાય. જો કે આવા સંજોગોમાં દીકરાનું વલણ મહત્ત્વનો ભાગ ભજવે છે. વાસ્તવમાં દીકરો કોઈ પણ એકબાજુ ઢળવાને બદલે મા-બાપ અને પત્ની વચ્ચે સેતુરૂપ બની જાય તો કોઈ સમસ્યા જ ઉદ્‌ભવે નહીં.

મા-બાપના મૃત્યુ પછી દાન-પુણ્ય તીર્થયાત્રા, પૂજા-પાઠ કરવા કરતા જીવતાં મા-બાપની સેવા એજ સાચું તર્પણ છે. મા-બાપના મનને શાંતિ આપતા જ સંતાનને આશીર્વાદ મળી રહે છે.

❖❖❖

# મજૂરી અને કલ્યાણકર્મ

**મહેશ દવે**

ભરબપોરનો સમય હતો. નાનકડા ગામના પાદરેથી એસ સાધુ પસાર થઈ રહ્યા હતા. પાદરમાં ચારે તરફ બાંધકામનો સામાન પડ્યો હતો. ચૂનો, રેતી, ઈંટો, પથ્થર, આરસ વગેરે. આરસના પથ્થરોની કિનારો એકસરખી ધારવાળી બને તે માટે એક કડિયો ટાંકણા વડે કામ કરી રહ્યો હતો. સાધુએ એ કડિયાને પૂછ્યું, 'ભાઈ, શું કરી રહ્યો છે?' પરસેવે રેબઝેબ અકળાયેલા કડિયાએ છાસિયું કર્યું, 'જોતા નથી. સવારનો આ પથરાઓના ટુકડા કરી, ટાંકણાઓથી એમની ધાર સરખી કરું છું. ટાંકણાં ઠોકી ઠોકીને મારા હાથ લાલ થઈ ગયા છે. ક્યાંક છાલાંય પડ્યાં છે. તમારે તો સારું આખો દા'ડો ફરવાનું ને જાતજાતનું ખાવાનું મફત મળે. રોજ ખાવા-પીવા-સૂવાનું મળી રે કે?' સાધુએ જવાબ આપ્યો, 'ભાઈ, એ કાંઈ કેવાય નહીં. ક્યારેક નયે મળે, ક્યારેક ઓછું-વત્તુ મળે. ક્યારેક ઝાડ નીચેય સૂઈ રે'વુ પડે.' કડિયાએ કહ્યું, 'એ ના પોસાય.' એમ કહીને એ પાછો કામ કરવા માંડ્યો.

આગળ જઈને સાધુએ એક બીજા કારીગરને પૂછ્યું, કારીગરે નિસાસો નાખી કહ્યું, 'મા'રાજ આ સવારનો કામે ચડ્યો છું. ભૂખ લાગી છે, પણ રિસેસ પડે એટલે સાથે લાવેલા રોટલા ખવાય ને! નહીં તો મુકાદમ ધૂળ કાઢી નાખે. પૈસા કાપી લે. ઘરે બૈરી-છોકરાંના ખાવામાં કાપ આવે. એટલે થાકી ગયો છું તોય મજૂરી ખેંચવી પડે છે. તમારે સારું. જ્યારે પાડવી હોય ત્યારે રિસેસ. આરામ કરવો હોય ત્યારે લંબાવવાનું. બૈરી-છોકરાં નભી રે' કે?'



સાધુએ જવાબ આપ્યો, 'ભઈલા, અમારે બૈરી-છોકરાં કેવાં? એ જંજાળમાં ન ફસાઈએ તેથી તો આ ભગવાં પે'ર્યાં છે. મને જે મળે, જેવું મળે જ્યારે મળે તે પ્રમાણે ચલાવું.'

કારીગરે કહ્યું, 'એ આપણને ન ફાવે હોં! ઘેર જઈ પૈસા બૈરીને આપી દઉં. પછી બજારમાંથી લાવવાની, ખવડાવવાની બધી ચિંતા એની. આપણે તો સો મણની તળાઈમાં.'

આગળ ચાલતાં સાધુએ એક યુવાનને ઉલ્લાસથી કામ કરતો જોયો. કામ સાથે એ કાંઈક ભજન જેવું ગાતો'તો. સાધુએ તેને પણ પૂછ્યું. યુવાન સાધુને પગે લાગ્યો, બોલ્યો, 'આવો મા'રાજ. આ આરસના પથરા સરખા કરું છું, લિસ્સા બનાવું છું. તેની ધારો સરખી બનાવું છું. અહીં એક મંદિર બની રહ્યું છે. તમારા જેવા સાધુમા'રાજ સુંવાળા, ઠંડા આરસ પર સૂઈને આશીર્વાદ આપશે. બધા સરખી ધારવાળા આરસ હોય એટલે એકધારા ચોંટી જશે. નહીં સાંધો નહીં રેણ. વરસાદમાં આરસ પર પાણી પડશે, ત્યારે બાળકો એના પર લપસિયા કરશે. મંદિર બનશે એટલે ગામલોક દર્શન કરવા આવશે. ઓચ્છવ કરવા બીજે ગામ નહીં જવું પડે. અહીં મેળા ભરાશે. સંત-મા'તમા કથા કરશે.'

'ક્યારનો કામ કરે છે, ભાઈ'. સાધુએ પૂછ્યું. 'આમ ટાઈમ તો દસ વાગ્યાનો છે, પણ હું તો મોંસૂઝણું થાય એટલે શિરામણ કરીને આવી જાઉં છું. સાંજેય અંધારું થાય ત્યાં લગી કામ કરું છું. મંદિર જલદી બની જાય ને!'

પોતા માટે, કુટુંબ માટે કામ કરે એને મજૂરી લાગે. મંદિર માટે, ગામ માટે, લોક માટે કામ કરે એને કલ્યાણકર્મ લાગે. મજૂરી ત્યાં થાક. કામનો આનંદ ત્યાં સુખ, ઉલ્લાસ, ઉત્સાહ બીજાના ખેતરને લીલું માનવાને બદલે આપણું ખેતર લીલું-ઊજળું કરીએ તેમાં સુખ ને આનંદ.

❖❖❖

# સમય બલવાન હૈ

ધીરૂભાઈ મીરાણી

સમય એટલે શું? ઘડીયાળમાં કેટલા વાગ્યા એને સમય કહેશું? ઋતુઓના બદલાવને સમય કહેશું? કોઈના ભાગ્યમાં પરિવર્તન આવે ત્યારે ત્યારે લોકબોલીમાં કહેતા હોઈએ તેનો સમય બદલાયો છે, તો તેવી ઘટનાને સમય કહેશું?

ક્યારેક કહીએ છીએ સમય પસાર થઈ ગયો. પણ હકીકતમાં તો આપણે પસાર થઈ જઈએ છીએ. સમય તો ત્યાં જ રહે છે.

આ વિશ્વમાં રાજા, મહારાજા, સંત, મહાત્મા, શ્રીમંત, ગરીબ બધાં ચાલ્યા ગયા પણ સમય તો ત્યાં જ છે, તેનામાં કોઈ બદલાવ નથી આવ્યો. અંગ્રેજીમાં કહેવત છે. **Time and Tide Waits for none.** સમય અને વહેણ ક્યારેય કોઈના રોકાયાં રોકાતા નથી. તેને સીધો સાદો અર્થ છે. સમયનો સદ્‌ઉપયોગ કરી લ્યો, તેને વેડફશો નહીં. શેક્સપીયરે એક જગ્યાએ લખ્યું છે, ''અત્યાર સુધી મેં સમયને વેડફયો હતો, હવે સમય મને વેડફે છે''

યુવાનીના તોરમાં સમયની બરબાદી કરનારા ક્યારેક એવા વૃદ્ધજન તરફ નજર કરે કે જે પલંગમાં એકલા સૂતા સૂતા વારેઘડીએ ઘડીયાળ જોઈને નિસાસા નાંખતા હોય ''અરે હજુ આટલા જ વાગ્યા છે'' તેમને સમય હતો ત્યારે સંસારની પળોજણમાં, સાત પેઢી ચાલે. તેટલું ધન કમાવવામાં અને સતત નિંદાકુથલી કરવા સિવાય કાંઈ કર્યું નહી, આજે ઉત્તરાવસ્થામાં કોઈ પૂછતું નથી અને રચનાત્મક ક્યારે પણ કર્યું નથી તેથી સૂઝતું નથી. આ પરિસ્થિતીને કહેવાય ''સમય મને વેડફે છે''

મનુષ્ય જીવનની આ વિટંબણા છે, એ દોડ્યા કરે છે, પરંતુ જાણતો નથી શા માટે દોડે છે. સમયથી હારેલા અમે દોડતા રહ્યા અને પડછાયા સૂર્યને શોધતા રહ્યા.

જીવનનો હેતુ તો પ્રકાશ તરફ ગતિ કરવાનો છે. આપણા સૂર્યને શોધવાનો છે. પરંતુ આપણે કોઈ પણ હેતુ વગર દોડતા રહ્યા, આપણા પડછાયા લાંબા થતા ગયા અને પડછાયા પડે તો સૂર્ય કયાં છે? આપણે ક્યારે ય શાંતિપૂર્વક વિચારીએ છીએ કે જીવનનું ધ્યેય શું છે? કે પછી આંધળા પ્રાણીની જેમ દિશાશૂન્ય દોટ ચાલુ રાખવી છે?



ભવિષ્યની ચિંતામાં આપણે વર્તમાનને માણતા નથી અને ભૂતકાળમાંથી કશું શીખતા નથી, તેથી પ્રશ્નો ઉભા થાય છે. ભવિષ્યના ખ્યાલો કરીને ગભરાશો નહીં તેમ કરીને તમારા વર્તમાનને બગાડશો નહીં.

વર્તમાન માણવા માટે, ચાહવા માટે છે. જે પરિસ્થિતિ છે તેનો સ્વીકાર કરીને આનંદ મેળવો. ભૂતકાળ ભવ્ય હતો તે યાદ કરીને દુ:ખી ન થવું અને ભવિષ્ય ધૂંધળુ છે. તેવું વિચારી વર્તમાનને ખરાબ ન કરશો. વર્તમાન એ જ સાચું જીવન છે.

એક અંગ્રેજ લેખકે સરસ વાત કરી છે ''ગઈ કાલ એ કેન્સલ થયેલો ચેક છે, આવતી કાલ એ પ્રોમીસરી નોટ છે પણ આજની ઘડી એ રોકડ રકમ છે, તેને શાણપણથી વાપરો.'' અને એટલે જ આપણા ભજનીકોએ ગાયું છે ''આજની ઘડી રળીયામણી'' એક નાનકડી કથા ઘણા વખત પહેલાં વાંચી હતી. એક રાજાએ એક વિરાટ આયના મહેલ બંધાવ્યો હતો. મહેલમાં પ્રવેશો એટલે ચારે બાજુ અરીસા તે અરીસાઓમાં તમારા અગણિત પ્રતિબિંબ દેખાયા કરે.

એક રાતે મહેલના દરવાજા બંધ થયા ત્યારે અકસ્માતે એક કૂતરો મહેલમાં ફસાઈ ગયો. તેણે ચારે બાજુ જોયું તો આસપાસ અગણિત કૂતરાઓ દેખાયા. તેણે ભસવાનું શરૂ કર્યું તો અરીસામાં દેખાતા અગણિત કૂતરાઓ પણ ભસતા દેખાયા. સવાર સુધી તો એ ભસીભસીને અધમૂઓ થઈ ગયો. આપણી આસપાસ પણ ગઈકાલના અને આવતીકાલના કેટલાયે અરીસાઓ જડાયેલા છે, આપણે પણ ફસાયેલા કૂતરાની જેમ દોડાદોડ કરીએ છીએ અને ભસતા રહીએ છીએ.

જે માસણ ભૂતકાળની વાત કરતો રહે તેનો અર્થ એવો થાય કે તેની પાસે ગઈ કાલ સિવાય કંઈ નવું નથી. જે માણસ ભવિષ્યના સ્વપ્નોમાં આળોટે છે તે શેખચલ્લી પૂરવાર થાય છે. તેથી અત્યારની ક્ષણે જે કાર્ય કરે છે તે જ વ્યક્તિ સફળ પુરવાર થાય છે.

મહાભારતના અંતમાં ગાંડીવધારી અર્જુનને કાબા લૂંટારે લૂંટી લીધો એ વાત બહુ જ માર્મીક રીતે મૂકેલી છે.

''સમય સમય બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન<br>
કાબે અર્જુન લુંટીઓ, વહી ધનુષ, વહી બાણ

આપણે પણ સતત જાગૃતિ સાથે પડછાયાને છોડીને આપણા સૂર્યને શોધવા તરફ યાત્રા કરી શકીએ તેવી પ્રાર્થના.''

❖❖❖

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- શ્રી પ્રતિક હરીશભાઈ શ્રોફ તરફથી (હાલ - અંધેરી)
- માતુશ્રી સુશીલાબેન શશીકાંતભાઈ શાહના ૯૫મા જન્મપ્રવેશની ખુશાલીમાં હસ્તે સુપુત્રી મીના ધીરેન શાહ
- શ્રી રાજેશભાઈ નટવરલાલ સંઘવી તરફથી ધાંગધ્રા નિવાસી (હાલ-ઘાટકોપર)

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

સંચાલિત

## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા

**સભાની ઑફિસ**

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

પંચગીની
માથેરાન / દેવલાલી
Online Query / New Member
Patrika /Loan
**શ્રી નિરવભાઈ શાહ**
**9819012468**

સંસ્થાના મેનેજર
**શ્રી પ્રદીપભાઈ તુરખિયા**
સંપર્ક
**9867748120**

ડોનેશન - ફંડ
મેડિકલ સહાય
પત્રિકા જાહેરખબર
સ્કુલ-કૉલેજ ફી
લોનાવલા
**શ્રી મિલનભાઈ**
**9860125136**

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ
**9099350644 / 9426756100**
મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા
**9860125136**

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

# બે વરુ

ડૉ. આઈ. કે. વીજળીવાળા



એક ગામડામાં ખેતરના શેઢે એક દાદા અને એનો પૌત્ર બેઠા હતા. પૌત્ર ઘાસમાં રમતો હતો અને દાદા ઢળતા સૂરજને પોતાની જિંદગીના પાછલા દિવસો સાથે સરખાવતાં બેઠાં બેઠાં હોકલી પી રહ્યા હતા. એવામાં ખેતરની વાડ પાસેથી એક વરુ ભાગ્યું. દાદાએ લાકડી લઈ એને હુડકારીને દૂર ભગાડી દીધું. પૌત્રે દાદાને પૂછ્યું કે એ શું હતું ? દાદા કહે કે એ વરુ તરીકે ઓળખાતું એક જંગલી જાનવર હતું. પૌત્ર દૂર ભાગી રહેલા વરુને જોઈ રહ્યો.

અચાનક દાદા બોલ્યા : 'બેટા, તને ખબર છે ? દરેકેદરેક માણસના મનમાં પણ બે વરુઓ હોય છે. એ બંને વરુઓ વચ્ચે હંમેશાં લડાઈ ચાલતી હોય છે.'

'હેં દાદા ! બધાની અંદર બે વરુઓ હોય ? સાચ્ચેસાચ ?' છોકરાએ સવાલ પૂછ્યો. એ હતો પણ નવથી દસ વરસનો એટલે આવો સવાલ પૂછે એ પણ સહજ હતું.

'હા બેટા !' હોકલીમાંથી કસ ખેંચતાં દાદા બોલ્યા, 'દરેકના મનમાં બે વરુ હોય. એક વરુ સારાપણાનું હોય છે. આનંદ, શાંતિ, પ્રેમ, દયા, માયા, આશા, માનવતા, કરુણા, શ્રદ્ધા વગેરે એનો ખોરાક છે. સારાપણાનું વરુ એના પર નભે.'

'અને દાદા બીજું ?'

'બીજું વરુ દુષ્ટતાનું હોય છે. ગુસ્સો, ઈર્ષ્યા, રાગ, દ્વેષ, લોભ, અભિમાન, ક્રૂરતા, વેરવૃત્તિ, જુઠ્ઠાણું, નિંદા વગેરે એનો ખોરાક છે. એ એના પર નભે છે. અને બેટા, મજાની વાત તો એ છે કે રાત-દિવસ આ બંને વરુઓ વચ્ચે લડાઈ ચાલુ જ રહે છે.'

'તો હેં દાદા ! એ બેમાંથી કયા વરુની જીત થાય છે ?' પૌત્રે સવાલ કર્યો.

દાદાએ હોકલીમાંથી ઊંડો કસ ખેંચ્યો. પછી બાજુના પથ્થર પર હોકલી ઠપકારીને ખાલી કરી. ત્યાર બાદ પૌત્ર સામે જોઈ હળવેથી કહ્યું, 'માણસ જે વરુને ખવડાવતો રહે તે ! જે વરુને એ ભોજન આપે એની જ જીત થાય !'

પૌત્ર દાદા સામે જોઈ રહ્યો, દાદા દૂર ક્ષિતિજ સામે જોઈ રહ્યા હતા.

❖❖❖

## ''પાઠ પાકો નથી થયો''

શાળાનો પહેલો દિવસ હતો. આચાર્ય નવા હતા, વિદ્યાર્થીઓ પણ નવા હતા.

આચાર્યે લખાવ્યું : ''સત્યં વદામિ'' અને કહ્યું, ''બોલો : હું સત્ય બોલું છું.'' બધા વાંચવા માંડ્યા : ''હું સત્ય બોલું છું : સત્યં વદામિ.''

આચાર્યે કહ્યું : ''કાલે પાઠ પાકો કરી લાવજો.''

આચાર્ય હતા દ્રોણ : વિદ્યાર્થીઓ હતા કૌરવ-પાંડવો. બીજા દિવસે દ્રોણાચાર્યે પૂછ્યું, ''પાઠ કરી લાવ્યા છો ?''

બધા કહે, ''હા''

આચાર્યે લખ્યું : ''સત્યં વદામિ'' અને કહ્યું, ''વાંચો જોઈએ.'' બધા એક પછી એક વાંચવા લાગ્યા : ''સત્યં વદામિ... હું સત્ય બોલું છું.'' અર્જુને વાંચ્યું, દુશાસને વાંચ્યું, વર્ગમાં ધ્યાન ન આપનાર ભીમ પણ કડકડાટ વાંચી ગયો ! યુધિષ્ઠિરનો વારો આવ્યો. યુધિષ્ઠિરે હાથ જોડીને ગુરુને પ્રણામ કરી કહ્યું :

''ગુરુજી, મને હજુ પાઠ નથી આવડ્યો.''

દ્રોણાચાર્યે કહ્યું, ''ભલે, કાલે પાકો કરી લાવજો.''

બીજા દિવસે પૂછ્યું, ''કેમ, પાઠ પાકો કરી લાવ્યા છો ને ?''

વળી યુધિષ્ઠિરે કહ્યું, ''હજુ પાકો થયો નથી.''

આચાર્ય વળી એક દિવસે વધારે આપ્યો. પણ યુધિષ્ઠિર તે દિવસે પણ પાકો ન કરી શક્યા. ચાર-પાંચ દિવસ ગયા. એટલે દ્રોણાચાર્યે એક દિવસ કહ્યું, ''આમાં તે શું પાકું કરવાનું હતું કે હજુ પાઠ નથી આવડ્યો ? આ જડબુદ્ધિ દુશાસન પણ હમણાં વાંચી ગયો કે 'સત્યં વદામિ,' ને તને હજુ ન આવડ્યું ? કાલે પાકો કરી જ લાવજે !''

વર્ગમાં બધાને થયું કે યુધિષ્ઠિરને આટલુંય ન આવડે તો તે ઠપકાને લાયક જ હતા.

બીજે દિવસે દ્રોણાચાર્યે ફરી પુછ્યું ત્યારે પણ યુધિષ્ઠિરનો જવાબ તો એ જ હતો : ''હજુ પાઠ પાકો નથી થયો.''

''સાવ પોઠિયા જેવો લાગે છે ! આમાં તે શું આવડવાનું હતું !'' દ્રોણાચાર્યે સહેજ ખિજાઈને કહ્યું : વર્ગ હસી પડ્યો.

યુધિષ્ઠિર અચકાતાં અચકાતાં બોલ્યા : ''ગુરુજી, આપ પાઠ પાકો કરી લાવવાનું કહો છો, ને હુંય ઘણી કોશિશ કરું છું. પણ હજુયે મારાથી કોઈ વાર ખોટું બોલાઈ જાય છે, ત્યાં સુધી કેમ કરીને કહું કે 'હું સત્ય બોલું છુ' એ પાઠ પાકો થઈ ગયો છે ?'

**– મનુભાઈ પંચોળી**

# બુદ્ધિને બગડતી અટકાવવા

**આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ મહારાજ**

દૂધ અને શાકભાજી બગડી ન જાય માટે વિજ્ઞાને ફ્રિજની શોધ કરી છે. મૂકી દો એમાં શાકભાજી. ભલે પસાર થઈ જાય પાંચસાત દિવસ પણ એ શાકભાજીમાં લેશ બગાડો ન થાય એની ગૅરન્ટી અમારી મીઠાઈઓ બગડી ન જાય એ માટે વિજ્ઞાને જગતને 'કૉલ્ડ સ્ટોરેજ'ની ભેટ ધરી છે. મૂકી રાખો મહિનાઓના મહિનાઓ સુધી એમાં મીઠાઈ ગમે ત્યારે એમાંથી કાઢીને ચાખો મીઠાઈ. તમને એ તાજી જ બનાવી હોય એવી લાગશે. મડદુ પડ્યું પડ્યું ગંધાઈ ન જાય માટે વિજ્ઞાને 'મૉર્ગ'નું આયોજન કર્યું છે. લાશ બિનવારસી ને ? એના વારસદારની શોદ કરવાની છે ને ? કોઈ વાંધો નહીં. મૂકી દો એને 'મોર્ગ'માં. નહીં એ સડે કે નહીં એ ગંધાય !

પદાર્થોના જગતમાં વિજ્ઞાને કરેલા વિકાસ (?)થી આજે સહુ સ્તબ્ધ છે. સેકંડનો કાંટો એક પરથી બે પર જાય છે ત્યાં સુધીમાં તો સંખ્યાબંધ ચીજો આકર્ષક પૅકિંગમાં ખરીદવાની અદમ્ય ઝંખના પેદા કરતી તમારી સામે રજૂ થઈ જાય છે. તમે નિર્ણય પણ નથી કરી શકતા કે કઈ ચીજ ખરીદું અને કઈ ચીજ છોડું ? અને એ ગાળામાં પુનઃ સંખ્યાબંધ નવી ચીજો નહીં બગડવાની ગૅરન્ટી સાથે તમારી સામે આવી જાય છે. પણ સૌથી મહત્વનો પ્રશ્ન તો એ છે કે શાકભાજીને બગડતા અટકાવવા માટે વિજ્ઞાન આગળ ફ્રિજ છે. મીઠાઈઓને બગડતી અટકાવવા માટે વિજ્ઞાન પાસે કોન્ડ સ્ટોરેજ છે. મડદાને સડતું અટકાવવા માટે વિજ્ઞાન આગળ મોર્ગ છે પણ માણસની બુદ્ધિ બગડતી અટકાવવા માટે વિજ્ઞાન પાસે શું છે ? શાકભાજી બગડે એ સમસ્યા છે કે બુદ્ધિ બગડે એ ? મીઠાઈ બેસ્વાદ બની જાય એ ગંભીર હકીકત છે કે બુદ્ધી બેસ્વાદ બની જાય એ ? મડદું સડી જાય એ વધુ ભયંકર છે કે બુદ્ધિ સડી જાય એ ? અનાજમાં કીડા પડી જાય એ માનવજાત માટે આપત્તિજનક છે કે બુદ્ધિમાં સડો પેસી જાય એ ? દૂધ ગંધાઈ જાય એ ત્રાસદાયક છે કે બુદ્ધિ ગંધાઈ જાય એ ?

પણ ના, વિજ્ઞાન પાસે આનો કોઈ જ ઈલાજ નથી એમ નહીં પણ બુદ્ધિમાં સડો પેસી જાય એને વિજ્ઞાન સમસ્યા જ માનતું નથી હવાઈ જહાજ તૂટી જાય તો વિજ્ઞાન માટે એ સમસ્યા છે અને એની પાસે એનો ઈલાજ પણ છે, પણ જીવન તૂટી જાય તો વિજ્ઞાન માટે એ સમસ્યા છે અને એની પાસે એનો ઈલાજ પણ છે, પણ જીવન તૂટી જાય તો વિજ્ઞાન માટે એ સમસ્યા જ નથી અને એ સમસ્યા લઈને તમે વિજ્ઞાન પાસે કદાચ જાઓ તો એની પાસે એનો ઈલાજ પણ નથી. આનાં કટુ ફળ આજે સહુ ભોગવી રહ્યા છે. પેંડો એકદમ સ્વાદિષ્ટ છે અને બગડેલા પેટની કોઈને પડી નથી. ચશ્માંની ફ્રેમ સોનેરી છે અને આંખે આવેલા મોતિયાની કોઈને ચિંતા નથી. લખવા માટે સામે જ પારકર પેન પડી છે અને હાથે લાગી ગયેલા લકવાને કોઈ ગંભીરતાથી મન પર લેતું નથી. શક્તિ જોરદાર પણ સદુપયોગની કોઈ કળા જનહીં. સંપત્તિ ચિક્કાર પણ બાજુમાં સન્માર્ગદર્શક કોઈ જ નહીં. યુવાની ફાટફાટ પણ વિવેકચક્ષુ જ નહીં. બુદ્ધિ ધારદાર પણ એને શાનદાર બનાવવાની હથોટી જ નહીં. હાથમાં સત્તા અમાપ પણ પચાવવાની પાત્રતા જ નહીં. પરિણામ ? એ શક્તિ અને સંપત્તિ. યુવાની અને બુદ્ધિ તમામે તમામ ચીજો જાત માટે અને જગત માટે ભારે નુકશાનકારી !

શું આ ક્ષતિને ગંભીરતાથી મન પર લેવાની જરૂર કોઈનેય નહીં લાગતી હોય ? બુદ્ધિના બગાડાની ભયંકરતાને સમજવા જેટલી દીર્ઘદર્શિતા કેળવવા કોઈ તૈયાર નહીં હોય ? બગડેલી બુદ્ધિ સુધાર્યા વિના વિજ્ઞાન આપેલા સાધનોને હાથ પણ લગાડવા જેવી નથી એ સત્ય કોઈનેય નહીં સમજાતું હોય અલબત્ત. એનો ઈલાજ ધર્મ પાસે છે. સાચી વાત તો એ છે કે ધર્મને મન 'બુદ્ધિનો બગાડો' એ જ એકમાત્ર સમસ્યા છે. હા દૂધ બગડતું અટકે એમાં ધર્મનો કોઈ વિરોધ નથી. મીઠાઈ બેસ્વાદ ન બની જાય એમાં વિજ્ઞાનની સામે ધર્મને પડવાનું કોઈ પ્રયોજન નથી પણ ધર્મક્ષેત્રે એ બહુ મહત્ત્વની વાત નથી. એને મન તો એક જ સમસ્યા છે. બુદ્ધિનો બગાડો ! અને એને મન તો એક જ આનંદદાયક પરિણામ છે. બુદ્ધિનો સુધારો ! જો માણસની બુદ્ધિ સમ્યક છે તો પછી ભલે એના હાથમાં આવી જતો ઍટમબૉબ. એના દ્વારા એ વિનાશ વેરે એ વાતમાં કોઈ માલ નથી. જો ખૂલી ગયાં છે એનાં વિવેકચક્ષુ. તો પછી ભલે એની પાસે આવી ગઈ હોય અમાપ સંપત્તિ. એના સદુપયોગ દ્વારા એ અનેકની પ્રશંસા મેળવ્યા વિના રહેશે જ નહીં. ભલે રહ્યું એની પાસે મનમોહક રૂપ પણ જો એની પાસે સમ્યક સમજણ છે તો એ રૂપ દ્વારા પવિત્રતાની સુવાસ ફેલાવ્યા વિના એ નહીં જ રહે એ નિર્વિવાદ સત્ય છે.

અઢળક શક્તિ પછી પણ સમ્યક બુદ્ધિ તો પહેલી જ ! લખલૂટ સંપત્તિ પછી પણ વિવેકચક્ષુનો ઉઘાડ તો પહેલો જ ! ગાડીનો વાંધો નથી પણ ઘોડો આગળ રહેવાનો હોય

તો જ! વિજ્ઞાનનો વાંધો નથી પણ ધર્મ મહત્વના સ્થાને રહેવાનો હોય તો જ! આ જગત અત્યારે થોડુઘણું પણ જોવા લાયક લાગતું હોય અને આ જગતમાં હજીય જીવવા જેવું લાગતું હોય તો એનો યશ ધર્મને ફાળે જાય છે. 'ધર્મ' શબ્દ સાંભળતાં જ નાકનું ટેરવું ચડાવી દેતા આજના વિજ્ઞાનપ્રેમીઓને મારે એટલું જ કહેવું છે કે- 'રસ્તે જતાં તમારું કોઈએ ખૂન નથી કર્યું એને યશ સદબુદ્ધિને ફાળે જાય છે. દુષ્કાળના સમયમાં લાખો પશુઓને મોતના મુખમાં ધકેલાઈ જતાં ટકાવવાનો આ જગતમાં જે પુરુષાર્થ ચાલે છે એ સદબુદ્ધિને આભારી છે. તમારી પત્ની બળાત્કારનો ભોગ નથી બની એમાંય સદબુદ્ધિનો બહુ મોટો ફાળો છે. જગતનો ૨૫૦ વાર વિનાશ વેરી નાખે એવાં કાતિલ શસ્ત્રો શસ્ત્રાગારોમાં ખડકાયાં હોવા છતાં એ શસ્ત્રોનો ઉપયોગ થયો નથી એમાં મહત્વનો ફાળો સદબુદ્ધિનો છે. આપઘાત કરીને જીવન ટૂંકાવી દેવાના અનેક કારણો ઉપસ્થિત થઈ જવા છતાં સેંકડો માતાઓએ એ રસ્તે હજી ડગ માંડ્યા નથી એનું પ્રધાન કારણ સદબુદ્ધિ છે. ટૂંકમાં વિજ્ઞાને તમને માત્ર સામગ્રીઓ આપી છે જ્યારે ધર્મે આ જગતને સદગુણો આપ્યા છે.'

દુ:ખની વાત તો એ છે કે આ સદબુદ્ધિની મહત્તા અને અગત્યના કોઈને સમજાઈ નથી એવું નથી. ભલભલા મહારથીઓનેય આ વાત મગજમાં જડબેસલાક ગોઠવાઈ ગઈ છે અને છતાં એ દિશામાં સક્રિય પુરુષાર્થ કરવાની બાબતમાં એ સહુ જાણે કે આંખો બંધ કરીને બેઠા છે. એમના પગે જાણે કે ગતિ ગુમાવી દીધી છે. એમની વિચારશક્તિ જાણે કે કુંઠિત થઈ ગઈ છે. નહિતર આ હાલત હોય વર્તમાન જગતની? દૂધને બગડતું અટકાવવા વિચાર કરી શકતો માણસ, જીવનને બગડતું અટકાવવા વિચાર જ ન કરે? મીઠાઈને બેસ્વાદ બનતી અટકાવવાનું આયોજન કરતો માણસ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સંબંધો બેસ્વાદ ન બની જાય એ અંગે ગંભીરતાથી વિચાર જ ન કરે? કૃત્રિમ વરસાદ વરસાવવાનો 'પ્લાન' ઘડનારો માણસ ગરીબોનાં આંસુ અટકાવવાનો 'પ્લાન' ન બનાવી શકે? ખૂબ નાની છતાં ભયંકર એવી આ ભૂલને વહેલામાં વહેલી તકે સુધારી લેવાની જરૂર છે. દૂધની કદાચ શરીર સ્વસ્થ રહેતુ હશે. સગવડોથી કદાચ મન મસ્ત રહેતું હશે પણ સદ્બુદ્ધિથી તો આત્મા પ્રસન્ન રહે છે એ વાત સતત નજર સામે રાખવાની જરૂર છે. સામગ્રીઓના ખડકલા કદાચ મનને બહેલાવતા હશે પણ સદગુણોનો ઉઘાડ તો મનને વિવેકસંપન્ન બનાવે છે એ વાત એક પળ ભૂલવા જેવી નથી.

સો વાતની એક વાત. ગાડીની 'બોડી'ની અને ગાડીના 'સ્ટીયરિંગ પર બેસનારા ડ્રાઈવરની ચિંતા પહેલાં કવા જેવી છે. શરીર-મનની જરૂરિયાતોને અવગણવાની અહીં વાત નથી પણ એ શરીર અને મન જેને આધારે ટકી રહ્યાં છે એ આત્માની જરૂરિયાતોને ગંભીરતાથી સમજી લેવાની ખાસ જરૂર છે. દૂધ ઢોળી દેવાની અહીં કોઈ સલાહ નથી પણ એ દૂધ જે પેટમાં પધરાવવાનું છે એની પાચનશક્તિ સતેજ કરવાની વાતને ગંભીરતાથી મન પર લેવાની જરૂર છે.

કદાચ સતયુગની વ્યાખ્યા કરવી હોય તો આ જ કરી શકાય. જ્યાં વસ્તુના બગાડા કરતાં બુદ્ધિના બગાડાને વધુ ગંભીરતાથી મન પર લેવાય અને એ બગાડાને દૂર કરવા સમ્યક પુરુષાર્થ શરૂ થાય એ સતયુગ ને જ્યાં વસ્તુના બગાડાને જ નજર સામે રાખીને બુદ્ધિના બગાડાની સદંતર અવગણના જ થાય એ કલિયુગ! કમસે કમ આપણા જીવનમાં તો સતયુગની પધરામણી કરીએ!'

❖❖❖

# અઠવાડિક વાહનબંધી

**દિલીપ ગુહા**

આપણાં નાનાં-મોટાં અનેક શહેરોમાં પેટ્રોલ-ડીઝલથી ચાલતાં અગણિત વાહનોમાંથી નીકળતો ધુમાડો લાખો માનવીઓના આરોગ્ય જ નહીં, જાન માટે પણ ભયંકર જોખમ ઊભું કરી રહ્યો છે. આ પ્રદૂષણમાંથી બચવાનો તત્કાલ અમલમાં મૂકી શકાય તેવો એક રસ્તો એ છે કે અઠવાડિયાના એક દિવસે એ જાતનાં વાહનો સડક પર ચલાવવાની મનાઈ કરવી.

ફ્રાંસ દેશમાં દર અઠવાડિયે એક દિવસ સડકો પર પેટ્રોલ-વાહનો ચલાવવાનો પ્રતિબંધ છે. તેનો અમલ એટલો ચુસ્તપણે થાય છે કે તે દિવસે પાટનગર પેરિસમાં સરકારના મંત્રીઓ સુધ્ધાં સાઈકલ પર પોતાની કચેરીએ જતા જોવા મળે છે. બીજા લોકો લોકલ રેલગાડીનો કે એવી બસનો ઉપયોગ કરે છે કે જે વીજળી, બેટરી કે ગૅસ ઉપર ચાલતી હોય. એમાં અપવાદ ફક્ત બંબા કે એમ્બ્યુલન્સ જેવી આપત્તિકાળની સેવાઓ માટે રાખવામાં આવે છે. બાકીનાં બધાં વાહનો માટે એ દિવસે સવારે ૭ થી ૯ સુધી સડકો બંધ.

બ્રાઝિલ દેશમાં કુરીતુબા નામના શહેરની વસ્તી ૨૫ લાખની છે. તેમાંથી ૧૮ લાખ લોકો બસ-ટ્રામ જેવાં સાર્વજનિક વાહનો વાપરે છે. (ત્યાંની બસો ૩૦૦ મુસાફરોને સમાવી શકે એટલી જંગી હોય છે.) ત્યારે દિલ્હીની એક કરોડની ગીચ વસતીમાંથી દસ ટકા જેટલા લોકો જ સાર્વજનિક વાહનોનો લાભ લે છે. દિલ્હીમાં સાર્વજનિક વાહનોની સગવડ ન હોવાથી ઘણા લોકો ખાનગી વાહનો વાપરે છે અને પરિણામે સડકો પર ભીડ ને પ્રદૂષણ વધે છે.

❖❖❖

# તાતાં તેજ

ગિરીશ ગણાત્રા

કોઈ છાને ખૂણેથી પ્રગટ થઈને ભગવાન 'માગ, માગ માગે તે આપું' એવું કોઈ વરદાન માગવાનું જો ઈશ્વરગિરિને કહે તો, ઈશ્વરગિરિ એક જ વરદાન માગે-

'બસ, ભગવાન, એક પત્ની દે. બીજું બધુંય છે એક પત્ની જ નથી.'

ગામના રામજી મંદિરના પૂજારી વાલમગિરિ ગોંસાઈનો છોકરો ઈશ્વરગિરિ પરણવા માટે તલસતો હતો, પણ એ પરણે કોને? એ વીસ વરસનો હતો ત્યારે જ પાણિયારાના ગોળે પથરો મારી માટલું તોડ્યું હતું, પણ વાલમગિરિ વચન કયાં નાખે? એની પોતાની જ આબરૂ પુત્રના લગ્ન આડે આવતી હતી.

ગામના મંદિરના પૂજારી વાલમગિરિ એક વખત નહિ, ત્રણ ત્રણ વખત પરણ્યા હતા! એ પરણ્યા હતા કે કોઈને ઘરમાં બેસાડી દીધી હતી એ તો એક વાલમગિરિ જાણે ને બીજો એનો રામજી જાણે, પણ ત્રણેય વહુ ભાગી ગયેલી! વાલમગિરિ મરી ગયા પછી ઘરમાં એક માત્ર ઈશ્વરગિરિ જ હતો. રામજી મંદિરની પૂજા એને વારસામાં મળી. એ ગામના ને આજુબાજુના ગામવાળાઓને ચારે બાજુ કહેતો ફરે કે મારે લાયક કોઈ પાત્ર હોય તો ધ્યાનમાં રાખજો. બધા ડોકી ધુણાવતા પણ ઈશ્વરગિરિનું પાત્ર ખાલીખમ જ રહેતું.

આમ કરતા કરતાં એ તેંત્રીસ વરસનો થઈ ગયો. હજુય એણે પત્નીની આશા નહોતી છોડી અને એટલે જ એણે પૂજામાં મળતી એકેએક પાઈ બચાવી રાખી હતી.

ભગવાન એની પ્રાર્થના સાંભળી કે નહિ તે તો ખબર નથી પણ કોઈ બીજું જ એની તાલાવેલી જાણી ગયું. પાડોશના ગામમાં ધુણી ધખાવીને પડેલી બાવાની જમાતમાંથી કોઈએ માહિતી આપી કે એક કન્યા છે ખરી! પરમ દિવસે ગુરુ મહારાજને પગે લગાડવા એક બ્રાહ્મણ કુટુંબ આવવાનું છે. એની એક કન્યા પરણાવવાની છે. છે રૂપરૂપના અંબાર જેવી, પણ કુટુંબ ગરીબ હોવાથી દાયજો આપી શકે એવી હાલતમાં નથી. એ દાયજાની લા'યમાં છોકરી ત્રીસ વરસની થઈ ગઈ છે એનો પરણવાજોગ ઊભો કરવા બાવાજીના આશીર્વાદ લેવા ને પગે લગાડવા પરમ દિવસે આવવાના છે...

ઈશ્વરગિરિને થયું કે બસ, ભગવાને મારું સાંભળ્યું. દરરોજ આરતી ઉતાર્યા પછી જે પ્રાર્થના કરતો એ એના દરબારમાં પહોંચી ખરી. ત્રીસ વરસની કન્યા... રૂપરૂપના અંબા જેવી, બ્રાહ્મણકુળ... બધુંય સમુસૂતરું ઊતરે એવું છે.

હવે ઈશ્વરગિરિએ આ કુટુંબની ભાળ મેળવી સીધી એની જોડે વાટાઘાટ ચલાવી. કુટુંબના વડીલ સાથે લંબાણપૂર્વક ચર્ચા આદરી. પોતાને ત્યાં ત્રણ દી' મહેમાન તરીકે રાખ્યા ને પછી કુટુંબના વડીલે જે રકમ માગી તે, આમ તો એ કઠે એવી હતી, પણ એ આપીને, ઈશ્વરગિરિ રાધાબાઈને પરણ્યા.

ઈશ્વર-રાધાના વિવાહ કરાવી, કન્યા-કુટુંબના વડીલે એના ત્રણ-ચાર 'સગા-સંબંધીઓ'ની સાથે જ્યારે જમાઈની વિદાય લીધી ત્યારે આંસુઓ પડ્યાં, ગળે ડચૂરા બાઝ્યા ને થોડાં ડૂસકાંઓ ખવાયાં. પોતાની વહાલસોયી પુત્રીને આ ગામમાં મૂકીને જવાનું હતું એટલે આ વડીલ કન્યાને ખાનગીમાં શીખ આપવા ઓરડામાં લઈ ગયા. ઓરડો બંધ કરી, હળવા સાદે કહ્યું :

'જો ચંપલી, દસ દિવસની મુદત આપું છું. વધુમાં વધુ પંદર દિવસ. પણ આ બાવાનું ઘર લૂંટી, મંદિરની મૂર્તિઓને જે દાગીના ચડાવ્યા છે તે બધું પોટલામાં બાંધી ઉમરેઠ આવી જજે. હું ન હોઉં ને કોઈ બીજા શિકારે ગયો હોઉં તો પેલા જમનને બધું આપી દેજે. પાચા આવ્યા પછી ભાગ પાડીશું. આમાં જો કઈ મીનમેખ થઈ તો... સાથે દીધેલા ડામ યાદ આવે છે ને?... પાતાળમાંથીય તને પકડી પાડીશું ને રાઈરાઈ જેવડા ટુકડા કરી વાત્રકમાં વહેતી કરી દઈશું...'

ચંપલી બધું સમજી ગઈ.

એ પછી ઓરડાનું બારણું ખૂલ્યું. 'બાપ-દીકરી' ફરી રડ્યાં, આંસુડાંઓ સાર્યાં ને 'મારા રાંકનું રતન હવે તમારે હવાલે' કહી સૌએ જમાઈની આંસુભરી આંખે વિદાય લીધી.

ચંપલી ઉર્ફે રાધાબાઈએ એનો નવો ગૃહસંસાર શરૂ કરી દીધો. આવા કેટલાય ગૃહસંસાર એણે આજ સુધીમાં માંડ્યા હતા. એને પ્રેક્ટિસ પડી ગયેલી એટલે ઈશ્વરગિરિના આ અર્ધા અંગ ને એનું આંગણું કેમ અજવાળવું એની પૂરેપૂરી જાણકારી હતી.

ઈશ્વરગિરિ હવે આનંદમાં હતા. રાજીરાજીના રેડ હતા. ગામની વહુવારુઓ, ડોશીઓ, આધેડ વયની સ્ત્રીઓ ને કુંવારી કન્યાઓ ઈશ્વરગિરિની વહુને જોઈ ગયાં. જે જે ઈશ્વરગિરિને ઘેર ગયાં તે બધાં પાછાં ફર્યાં ત્યારે એક જ અવાજે વહુના વખાણ કરતાં હતાં.

ઈશ્વરગિરિ હવે જ્યારે સાંજની આરતી કરતા ત્યારે રામજી ને સીતામૈયા પ્રત્યે એને એટલો ભાવ વધી ગયો હતો કે એ પોતાનું ભાન ભૂનીને આરતી ઉતારતા, પૂરેપૂરી તન્મયતાથી એમાં ઓતપ્રોત થઈ જતા.

આરતીનો સમય વધતો ચાલ્યો. નગારા-ઝાલર ને શંખના અવાજોની વચ્ચે ઈશ્વરગિરિનું સમર્પણ જોવા જેવું હતું, સ્ત્રીઓના વૃંદની વચ્ચે 'પતિ'ને આરતી ઉતારતો જોઈ, એને ભક્તિમાં એકરસ થતો જોઈ ચંપલીને થતું કે - અરે પ્રભુ, હું ક્યાં આમાં ફસાઈ ! આજ સુધીમાં એ ઘણા ઘણા યુવાનો, વિધુરો ને શેઠિયાઓની વહુ બની હતી. પાંચ-પંદર દિવસ રહી, ઘરમાં હાથ મારી અદશ્ય થઈ જતી પણ આ બાવાને ?... રામજી મંદિના આ પૂજારીને... ?

હવે એની નજર ઘરમાં પડેલી જણસો પર ન હતી. મૂર્તિઓ પર કયા કયા દાગીના ચડાવ્યા છે એની પણ નેમ જ રહી. બેસવા આવતી સ્ત્રીઓ દ્વારા પૂજારીની વહુ તરીકે એને જે માન અપાતું એ જોઈ, મનમાં ને મનમાં એ સોસાવા લાગી. અરે રામ ! હવે કેટવા પાપ કરવાં બાકી છે ! એના કરતાં આ બાવાનું ઘર માંડી, ઠરીઠામ થઈ આ ગામમાં માનપાનથી રહું તો શું ખોટું ? બાવાને બધી સાચી હકીકત કહ્યા પછી બાવો માનશે ?

બહુ વિચાર્યા પછી નક્કી કર્યું કે જો બાવો ન માને તો પછી એને કરગરવું, વિનંતી કરવી ને નહિતર છેવટે બાકી...

રાત્રે ઈશ્વરગિરિ ઓરડે આવ્યા ત્યારે રાધાબાઈએ કહ્યું :

'તમે વારંવાર કંઈક માગવાનું કહ્યું છે પણ 'મારે કૈં નથી જોતું' એમ મેં તમને કહ્યું છે, પણ આજે આ રામ-સીતાની સાખે એક વેણ નાખું છું, ઈ આપશોને ?'

'આપ્યું.' ઈશ્વરગિરિ આનંદથી બોલ્યા, 'આજે તેં સામે ચડીને માગ્યું એટલે ખૂબ રાજી થયો. જા માગ, માગે તે આપું...'

રાધાબાઈ પલંગેથી નીચે ઊતરી ને ઈશ્વરગિરિના પગ પર હાથ રાખી બોલી : 'આવી'તી તમને છેતરવા. પણ હવે દિલ નથી થતું.'

'આમ કાં બોલે ?'

'સાચું કહું છું. તમારી સાથે મને જે પરણાવી ગયો એ મારો બાપ મારો બાપ જ નથી. અમારી તો એક ટોળકી છે; લોકોને છેતરવાની. જે કોઈ પરણવા ઉતાવળું થતું હોય, જે એકલદોકલ હોય એની આ ટોળી માહિતી લાવે પછી એની સાથે મને પરણાવવાની વાતચીત ચાલે, પૈસા પડાવે, આવું સારું ઘર ને વર મળ્યો એ માટે હું અઠવાડિયા-દસ દિવસનું વ્રત પાળું. કોઈને ઢોલિયે ન સૂઉં ને પછી લાગ જોઈ, ઘર સફાચટ કરી હું અમારા અડ્ડે , અમારી ટોળી સાથે પાછી પહોંચી જાઉં ને તફડાવેલી મિલકતના ભાગ પાડી, પાછાં શિકાર શોધવા ચાલી જઈએ... તમારે પગે હાથ મૂકીને ને રામ-સીતાને સાક્ષીએ રાખી આ વાત કહું છું. પણ તમને જોયા પછી હવે આવું કરવાનું મન નથી થતું. હું આ ગામમાં તમારી પરણેતર તરીકે જ રહેવા માગું છું. મારી ટોળકીના માણસો જો મારી ભાળ લેવા આવે કે લઈ જવા આવે તો... તમે મારા પતિ તરીકે એની સામે થજો... બાકી, જો હવે તમે હા પાડો તો...' નીચી નજર નાખી રાધાબાઈએ કહ્યું : 'આજથી આ ઢોલિયે ચડું...'

ઈશ્વરગિરિ તો એની વાત સાંભળી ડઘાઈ ગયા. શું કરવું ને શું ન કરવું એની એને સમજણ ન પડી. અરે ભગવાન ! આપી આપીને આવું નકરા જેવું પાત્ર આપ્યું ? એને બહુ અફસોસ થયો.

એ ઓરડામાંથી બહાર નીકળી ગયા ને રામજી મંદિરના ઓટલા પર આડા પડી આકાશના તારા જોતા જોતા વિચારે ચડી ગયા.

જેમ જેમ એ વિચારે ચડ્યા એમ એમ એને કોઠે દીવા થતા ગયા અને...

★★★

'મારી સાથે તમે જેને પગે લાગ્યાને, એ આ રાધાબાઈ બહુ પવિત્ર બાઈ છે. તમને ખબર નહિ હોય, આ ગામમાં કોઈ નવી વહુઆરુ પરણીને આવે તો એને રામજી મંદિરમાં પગે લગાડવા લઈ આવે ને પછી આ રાધામાને પગે લગાડવા આવે...' ગોરધનભાઈએ કારની સીટની પાછળનો તકિયો સરખો કરતાં કરતાં મને ચમકાવ્યો. 'આ બાવાજીને પરણ્યા પછી એ એવી પવિત્ર જિંદગી જીવી છે કે એવી હું ને તમે ન જીવી શકીએ...'

'તમને આ વાતની કેમ ખબર પડી ?'

'ન પડત, પણ પોતાની બાઈ માણસને પાછી મેળવવા આ ટોળકીએ જ્યારે ઈશ્વરગિરિ પર ભીંસ વધારી દીધી. ત્યારે એણે મને વાત કરી. મૂળ હું આ ગામનો. તે વખતે ગામનો હું સરપંચ. ઈશ્વરગિરિએ મારી મદદ માગી. મેં ગામના મહાજનોને વાત કરી. એ બધાની મદદથી ગામના યુવાનોની એક મંડળી અમે તૈયાર રાખી. મેં આ મંડળીને મૂળ વાત કર્યા વિના સાવધ કરી દીધી. બસ, તે દિવસની ઘડી ને આજનો દી. આ બાઈજીએ આજ સુધી ગામની બહાર પગ મેલ્યો નથી...'

'ગોરધનભાઈ, આ વાત ગામમાં જતાં પહેલાં કરી હોત તો એને ધારી ધારીને જોત...'

'એ વાતમાં માલ નહિ, સાહેબ' ગોરધનભાઈ બોલ્યા, 'એની આંખ્યું સામે જોઈ ને શકાય એવું એનું તેજ છે. કરી જોજો અખતરો કોઈ સંત જોડે, તમે એની આંખનાં તેજ જીરવી નહિ શકો. પવિત્રતાનાં તેજ તાતાં હોય છે. એની આભા જ બસ. એ આપણાથી જીરવી ન શકાય...'

❖❖❖

# બ્રહ્મવેત્તા ગાડીવાન રૈકવ

**દર્શાલી સોની**

જૂના જમાનામાં જનશ્રુત નામનું એક કુળ હતું. આ કુળના રાજા તેની દાનવીરતા માટે પ્રખ્યાત હતા. તે પૂર્ણ શ્રદ્ધાથી ખૂબ જ દાન કરતા. સમય જતા આ કુળમાં મહાવૃક્ષ દેશમાં જનશ્રુતિ નામના એક રાજા રાજ કરતા.

જનશ્રુતિ રાજાએ તેના પૂર્વજોની પરંપરા જાળવી રાખી. તેણે પણ તેની પ્રજા માટે અનેક કર્યો કર્યા. તેણે રાજમાર્ગ પર વિસામા માટેની જગ્યાનું નિર્માણ કર્યું, ત્યાં રાહદારીઓ આરામ પણ કરી શકતા અને તેને ભોજન પણ મળતું. આ ઉપરાંત રાજાએ રોગીઓ માટે અનેક હોસ્પિટલો ખોલાવી, ત્યાં અપંગ અને વૃદ્ધ લોકોની વિનામુલ્યે સારવાર કરવામાં આવતી.

રાજાએ પ્રજા પર જરૂરી હોય તેવા જ કર લાદ્યા હતા. કોઈપણ વ્યક્તિ કંઈપણ ફરિયાદ લઈને આવે તો તેનો તરત જ તે ઉકેલ લાવતા. ટૂંકમાં પ્રજા જનશ્રુતિ રાજાથી ખૂબ જ ખુશ હતી. ધીમે ધીમે દેશ વિદેશમાં રાજાની બોલબાલા થવા લાગી. આથી અનેક રાજ્યોમાંથી લોકો મહાવૃક્ષ દેશમાં વેપાર કરવા આવતા. તેથી રાજાની પ્રજા ખૂબ સમૃદ્ધ થવા લાગી. તેમજ જનશ્રુતિ રાજાનો જય જયકાર થવા લાગ્યો.

કહેવાય છે ને કે સમૃદ્ધિની સાથોસાથ અનેક દુર્ગુણો પણ આવે. તે જ રીતે જનશ્રુતિ રાજામાં પણ એક દુર્ગુણ ઘર કરી ગયો. તે અહંકારી બની ગયા. તે વિચારવા લાગ્યા, 'હું જ મારી પ્રજાનો અન્નદાતા છું. મારા કારણે જ રાજ્યની સમૃદ્ધિ વધી છે. દાન કરીને મે જે પુણ્ય કમાયું છે, તેના કારણે તો દેવો પણ મારાથી પ્રસન્ન થઈ જશે.'

એકવાર સાંજના સમયે રાજા અગાશી પર સુંદર મજાનો ખાટલો ઢાળીને આરામ કરતા હતા. ત્યારે તેણે આકાશમાં બે હંસને ઉડતા જોયા. જ્યારે આ બંને હંસ રાજાની નજીક પહોંચ્યા ત્યારે એક હંસ બોલ્યો, ''મિત્ર, અહીંથી ધ્યાન રાખીને ઉડજે. નીચે જનશ્રુતિ **રાજા બેઠા છે.'' આથી** બીજા હંસએ પૂછ્યું, ''કેમ ? જનશ્રુતિ રાજામાં એવી તો શું વાત છે કે મારે ઉડવામાં ધ્યાન રાખવું પડે.'' આથી હંસે જવાબ આપ્યો,



''જનશ્રુતિ રાજાએ પોતાના પુણ્ય કર્મોથી એટલી બધી શક્તિ અને તેજ પ્રાપ્ત કરી લીધું છે કે તેની ઉપરથી ઊડીશું તો સળગી જઈશું.''

ફરી બીજો હંસ બોલ્યો, ''શું વાત કરે છે ? શું જનશ્રુતિ રાજાનું તેજ ગાડીવાન રૈકવ કરતા પણ વધુ છે ?'' બસ આટલી જ વાત જનશ્રુતિ રાજા સાંભળી શક્યા.

આ વાત સાંભળીને જનશ્રુતિ રાજા તો વિચારમાં સરી પડ્યા. તેને થયું કે વળી આ ગાડીવાન રૈકવ કોણ છે ? તેણે કઈ રીતે મારા કરતા પણ વધુ પુણ્ય ભેગું કર્યું છે ?

વિચારમાંને વિચારમાં રાજા પૂરી રાત ઉંઘી ન શક્યા. તેણે નક્કી કર્યું, ''સવારે જાગીને પહેલું કામ રૈકવને શોધવાનું જ કરવું છે. મારા સેવકોને મોકલીને રૈકવને રાજસભામાં બોલાવીશ પછી તેને જ પૂછીશ એના તેજનું રહસ્ય.''

સવાર પડતા જ રાજાના સેવકો આવ્યા અને પ્રભાતિયા ગાવા લાગ્યાઃ 'હે આધિપતિ, તમે જાગી જાવ. હે પાલનહાર ! હે દેવ તમે કૃપા કરીને જાગી જાવ.'' આળસ મરડીને રાજા જાગ્યા. પણ તેના મનમાં હજુ પણ હંસની વાતના જ વિચારો આવતા હતા. આથી તે તેના સેવકો પર ગુસ્સે થઈ ગયા અને બોલ્યા, ''મારી પ્રસંશા કરવાનું બંધ કરો. હું આ બધી પ્રસંશાને લાયક નથી.''

તેની આવી વાત સાંભળીને તેના સેવતો તો અવાચક થઈ ગયા. એવું તો શું થઈ ગયું કે મહારાજ આવી વાતો કરે છે. આથી એક સેવકએ ડરતા ડરતા રાજાને પૂછ્યું. ''સ્વામી ! તમે શા માટે આટલા ચિંતાચુર છોં ?''

રાજાએ સેવકો સમક્ષ ગઈકાલની હંસની ઘટનાનું વર્ણન કર્યું. તેણે સેવકોને સુચના આપી, ''આ રૈકવ નામના વ્યક્તિને શોધી લાવો. મારે તેની સાથે મહત્ત્વની ચર્ચા કરવી છે.''

સેવકોએ કહ્યું, ''મહારાજ ! આ રૈકવ કોણ છે ? અમને તો તેનું સરનામું પણ ખબર નથી.''

આથી રાજાએ જવાબ આપ્યો, ''રૈકવ એક ગાડીવાન છે. તે એક પુણ્યશાળી માનવી છે. આપણી પ્રજા જે કંઈપણ પુણ્યનું કામ કરે છે તેનું બધું જ ફળ આ રૈકવ નામના ગાડીવાનને મળે છે. તેની પાસે બધા જ લોકોની જાણકારી હોય છે. તે ખૂબ જ્ઞાની છે. બસ મને રૈકવ વિશે આટલી માહિતી છે. હવે જલ્દીથી તમે તેને શોધીને મારા સમક્ષ રજૂ કરો.''

આદેશ સાંભળીને સેવકો તો રૈકવને શોધવા નીકળી પડ્યા. આખા રાજ્યમાં

શોધ કરવા છતાં પણ તે રૈકવને શોધી ન શક્યા. તેઓ થાકીને જ્યારે મહેલ તરફ પાછા ફરતા હતા ત્યારે તેની નજર એક ગાડીવાન પર ગઈ. આ ગાડીવાન તેના ગાડામાં કોઈ વેપારીનો સામાન ભરી રહ્યો હતો. સેવકો તેની પાસે ગયા અને પૂછ્યું, ''મિત્ર! શું તમે કોઈ રૈકવ નામના ગાડીવાનને ઓળખો છો?''

ગાડીવાનએ કહ્યું, ''હા, હું રૈકવને ઓળખું છું.''

''તે ક્યાં મળી શકશે?''

''તે અહીં ગાડી પાસે જ બેઠો છે.'' આમ કહીને ગાડીવાનએ સામેની તરફ ઈશારો કર્યો. સેવકો તે જગ્યાએ પહોંચ્યા. તેણે જોયું કે એક દુબળો ગાડીવાન તેની ગાડા પાસે બેઠો છે.

સેવકોએ પૂછ્યું, ''શું તમારું નામ રૈકવ છે?'' આથી તેણે જવાબ આપ્યો, ''હા, મારું નામ જ રૈકવ છે.''

સેવકોએ કહ્યું, ''તમે અમારી સાથે મહેલ પર ચાલો. રાજા તમને મળવા માંગે છે.''

રૈકવએ જવાબ આપો, ''રાજાને કહો-મને અહીં આવીને મળી જાય.''

સેવકોએ કહ્યું, ''તમે વાતને સમજવાનો પ્રયત્ન કરો. મહારાજ તમને મહેલમાં મળવા માંગે છે.''

રૈકવએ ફરી એક જ જવાબ આપ્યો, ''તેને કહો, મળવું હોય તો અહીં આવે.''

સેવકો નિરાશ થઈને ચાલ્યા ગયા. તેઓએ રાજને રૈકવ સાથે થયેલ વાતની જાણ કરી. આ વાત સાંભળીને રાજા ખૂબ જ પ્રસન્ન થયા. તેણે મંત્રીને બોલાવ્યા અને કહ્યું, ''મંત્રીજી, હું આવતીકાલે સવારે રૈકવને મળવા માંગું છું. આથી રૈકવને મળવા જવાની વ્યવસ્થા કરી રાખો.''

બીજા દિવસે જનશ્રુતિ રાજા તો રૈકવને મળવા નીકળી પડ્યા. તેઓ તેની સાથે છસો ગાય, સોનાનો હાર અને એક રથ ભેટ તરીકે લઈ ગયા. ત્યાં પહોંચીને તેણે રૈકવને કહ્યું, ''હે પુણ્યશાળી આત્મા! હું જનશ્રુતિ રાજા છું. મેં તમારા વિષે સાંભળ્યું છે. મેં સાંભળ્યું છે કે તમે વિદ્વાન છો અને બ્રહ્મજ્ઞાની પણ છો. આથી હું તમારા માટે અનેક ભેટ લઈ આવ્યો છું. કૃપા કરીને આ ભેટ સ્વીકારો અને મને બ્રહ્મજ્ઞાન આપો.'' આ વાત સાંભળીને રૈકન બોલ્યા, ''શું તમે મને મુર્ખ માનો છો? તમને એમ લાગે છે કે બ્રહ્મજ્ઞાનને ખરીદી શકાય છે? અરે મુર્ખ! જ્ઞાન ખરીદી કે વેંચી શકાતું નથી. અહીંથી ચાલ્યા જાવ. મારે તમને કોઈ ઉપદેશ આપવો નથી.''

રૈકવનો આવો જવાબ સાંભળી રાજા ખૂબ જ નિરાશ થઈ ગયા. તે અપમાનિત થઈને તેના મહેલમાં પાછા ફર્યા. ઘણા દિવસો સુધી તે રૈકવની વાત વિશે વિચારતા રહ્યા.

દિવસેને દિવસે રાજાની બ્રહ્મજ્ઞાન મેળવવાની તાલાવેલી વધવા લાગી. બીજી વાર તે અનેક ભેટની સાથોસાથ પોતાની કન્યાને પણ રૈકવ સાથે પરણાવા માટે લઈ ગયા. ત્યાં જઈને તે બોલ્યા, ''હે પુણ્યશાળી આત્મા! મહેરબાની કરીને તમે મારી કન્યા સાથે લગ્ન કરો. તેમજ આ બધી ભેટ પણ સ્વીકારો. અને મને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપો.''

રાજાની આટલી અદમ્ય ઈચ્છા જોઈને રૈકવ પીગળી ગયા. તેણે કહ્યું, ''તમે દાની અને જ્ઞાની હોવાનો અહંકાર ત્યજી દો.'' આથી રાજા બોલ્યા, ''હું અહંકાર ત્યજીને જ તમારી સમક્ષ આવ્યો છું. આથી મને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપો.''

આથી રૈકવએ સંવર્ગ વિદ્યા વિશે કહેવાનુ શરુ કર્યું, ''વાયુને સંવર્ગ કહે છે. અગ્નિ શાંત થઈને વાયુમાં સમાઈ જાય છે. સૂર્ય અને ચંદ્ર પણ વાયુમાં સમાઈ જાય છે. પાણી પણ બાષ્પીભવન થઈને વાયુમાં સમાઈ જાય છે. દરેક વ્યક્તિ અને પ્રાણીના પ્રાણ પણ વાયુમાં જ વિલીન થઈ જાય છે. તમારું દરેક સત્કર્મ વાયુ દેવતાને સમર્પિત કરી દો. આ ઉપરાંત તમે લાવેલ ભેટ પણ પાછી લઈ જાવ.''

આ વાત સાંભળીને જનશ્રુતિ રાજાની આંખો ઉઘડી ગઈ. તે રૈકવએ આપેલ જ્ઞાનથી ખૂબ જ પ્રભાવિત થયા અને રૈકવના શિષ્ય બની ગયા.

(છાંદોગ્ય ઉપનિષદમાંથી)


**સીનીયર સીટીઝન**

**રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં.**
**૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોચાડશું.**

**શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા**
**પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ**
**(ફોન કરવો નહી)**

Advt.





# તમારે સુખ ખરીદવું છે ?

**કૃષ્ણકાંત ઉનડકટ**

**જો પૂર્ણ શ્રદ્ધા મુસાફરને હોય મંઝિલમાં,**
**તો આપમેળે વળે છે કદમ મુકામ તરફ.**

*- અમૃત ઘાયલ*

**સુ**ખ બજારમાં મળતું હોત તો એનો ભાવ શું હોત ? નાનું સુખ સસ્તું અને મોટું સુખ મોંઘું હોત ? સુખની પણ સિઝન હોત ? ફેસ્ટીવલ ટાઈમમાં સુખના ભાવ વધારે અને સ્લેક સીઝનમાં સુખના દામ ઘટતાં હોત ? સુખનું પણ સેલ નીકળત ? અમારે ત્યાંથી સુખ ખરીદનાર વ્યક્તિને એક સુખ સાથે બીજું સુખ મફત મળશે, એવી જાહેરાતો થતી હોત ?

જો આવું હોત તો ? તો લોકો સુખના પ્રાઈઝ ટેગ જોતાં હોત ! પછી ભાવ જોઈને કહેત કે, ના ના, આ સુખ આપણને પોસાય તેવું નથી. ભાવ જોઈને સુખી થવાને બદલે દુ:ખી થાત ! અચ્છા, માણસ પોતાના દુ:ખ વેચી શકતા હોત ? મારું દુ:ખ લઈ લ્યો તો તમને આટલા રૂપિયા આપીશ ! દુ:ખ ખરીદનારાં લોકો મન ફાવે એવા ભાવ પડાવત ? અને દુ:ખ ખરીદીને મળતાં રુપિયાથી એ લોકો સુખી થઈ જાત ?

દુ:ખ વેચી શકાતું હોત તો તમારું કયું દુ:ખ વેચવા કાઢત ? સુખ અને દુ:ખના ધંધા પણ મોલમાં ચાલતાં હોત ? સુખ અને દુ:ખના પણ સેન્સેક્સ હોત ? સુખ અને દુ:ખના ભાવમાં પણ સોના-ચાંદીનો જેમ દરરોજ ચડાવ-ઉતાર આવતો હોત ? સુખ ખરીદવું પડતું હોત તો આપણે કેટલા દુ:ખી હોત ?

ઝરણાનું દ્રશ્ય અને ખળખળ ધ્વનિનો ભાવ શું હોત ? કોયલનો અવાજ સાંભળવાનો પણ રીંગટોનની જેમ ચાર્જ થતો હોત તો ? પ્રેમ કરવાના પૈસા ચૂકવવાના થાય તો ? સ્પર્શનો ખર્ચ કેટલો થાત ? ટેરવું અડાડો તો એક રૂપિયો અને પાંચેય આંગળીથી સ્પર્શ કરો તો પાંચ રૂપિયા ? હસવું પણ ચાર્જેબલ હોત ! સ્મિત કરવાનો ભાવ જુદો, હાસ્ય રેલાવવાના દર અલગ અને ખડખડાટ હસવાના રેઈટ પણ જુદા !

સંપતિથી સાધનો ખરીદી શકાય છે પણ સુખ નહીં. એરકન્ડીશન ખરીદી શકો પણ એસી બેડરુમમાં ઊંઘ આવશે જ એવી કોઈ ગેરન્ટી નથી. સમજવા જેવી વાત એ જ છે કે, એરકન્ડીશન એ સુખ નથી પણ ઊંઘ એ સુખ છે. ઊંઘ ચાર્જેબલ નથી. ઊંઘનું જેને સુખ નથી એ લોકોને ઊંઘની ગોળીઓ ખરીદીને ઊંઘ ખરીદવી પડે છે.

ગોળીઓથી આવતી ઊંઘ એ સુખ નથી, કારણ કે સુખ નેચરલ હોય છે. કુદરત કેટલી સારી છે કે નેચરલ સુખ આપતી દરેક ચીજ-વસ્તુ એ આપણને કોઈ ચાર્જ વગર આપે છે. સૂર્યના તેજ અને ચાંદનીના પ્રકાશનું લાઈટબીલ જેવું બીલ આવતું નથી. બાથરૂમમાં શાવર નખાવવો મોંઘો પડે છે અને વરસાદ તદ્દન વિનામૂલ્યે મળે છે.

કુદરતને જો ધંધો જ કરવો હોત તો એ આપણી પાસે ચાલવાનો. દોડવાનો, નાચવાનો, ગાવાનો અને ઝૂમવાનો પણ ચાર્જ લઈ શકતી હોત ! કુદરત બધો જ આનંદ સાવ મફતમાં આપતી હોવા છતાં કંઈ દુ:ખ પડે એટલે આપણે તેને મનોમન કોસતા હોઈએ છીએ ! એક માણસ રોજ સવારે મંદિરે જાય.

ભગવાનની સામે હાથ જોડીને પોતાની ડીમાન્ટ મૂકે, 'હે ભગવાન ! એક સારી નોકરી કે નાનકડો ધંધો, એક સરસ ઘર, કાર, ફ્રીઝ, ટી.વી. વોશિંગ મશીન...' એની ઈચ્છા ક્યારેય પૂરી જ ન થતી. ધીમે ધીમે એ ભગવાન સામે જ ફરિયાદો કરવા લાગ્યો. ભગવાન મારી પ્રાર્થના સાંભળતા નથી. મારે જે જોઈએ છે એ મને આપતા નથી. ભગવાન આખી દુનિયામાં મને જ અન્યાય કરે છે.

એક વખત એ માણસને એક સાધુ મળ્યા. સાધુ પાસે એ માણસે ભગવાનની ફરિયાદ કરી કે ભગવાન મારું સાંભળતા નથી. સાધુ ખડખડાટ હસવા લાગ્યા. માણસની વાત સાંભળીને સાધુએ કહ્યું કે, હવે તું મારા એક સવાલનો જવાબ આપ. ભગવાને તને જે આપ્યું છે એ તે માગ્યું હતું ?

આપણે કોઈ દિવસ વિચારીએ છીએ કે આપણી પાસે જે કંઈ છે અને ભગવાને આપણને જે આપ્યું છે એ બધુ આપણે ભગવાને આપ્યું છે એનાથી સંતોષ નથી એટલે આપણે તેની પાસે કાયમ માગ માગ જ કરતાં રહીએ છીએ. તેનું સૌથી મોટું કારણ એ જ છે કે આપણે આપણી જાતને કાયમ દુ:ખી જ સમજતાં રહીએ છીએ.

ભગવાન કહે છે કે, મેં તો માણસને માત્રને માત્ર સુખ જ આપ્યું છે. દુ:ખ તો માણસે પોતે પેદા કર્યું છે. સુખ માટે માણસ ચોરી કરે, પકડાય અને જેલમાં જાય પછી જેલના દુ:ખ માટે મને અને પોતના

નસીબને દોષ દે એ કેટલું વાજબી છે ? સારું છે કે ભગવાન આપણી સાથે દલીલ કરવા આપણી સામે નથી આવતો, નહીંતર આપણે કદાચ તેના સવાલોના એકેય સાચા જવાબ ન આપી શકત ! માણસ મોટા ભાગે પોતાના દુ:ખ પોતાની જાતે જ ઊભા કરતો હોય છે. અને હા, સુખનું પણ એવું જ છે. તમારે સુખી, મજામાં અને હસતાં રહેવું હોય તો કોઈની ત્રેવડ નથી કે તમને દુ:ખી કરી શકે. સુખના કોઈ ભાવ નથી છતાં સુખ સસ્તું નથી. કારણ કે સુખને માણવા માટે સુખને સમજવું પડે છે. આપણે બધા જ ખૂબ સુખી છીએ, સવાલ માત્ર એટલો છે કે આપણે આપણી જાતે સુખી સમજીએ છીએ ? ચલો થોડુંક હસો તો ! હસ્યા ? કંઈ ખર્ચ ખયો ? નહીંને ? તો પછી હસતા રહોને ! દરેક સુખનું આવું જ છે, સુખની નજીક જાવ, સુખ તો તમારી પડખે જ છે !

જેની પાસે ફક્ત પૈસા જ છે તે મનુષ્ય કરતાં વધારે ગરીબ કોઈ નથી... એડવિન યુગ

❖❖❖

# છોડી શકાતો નથી

**ભૂપત વડોદરિયા**

વર્ષો પછી એક મિત્ર મળવા આવ્યા. કૉલેજમાં અમે સાથે ભણ્યા અને પછી કામધંધે લાગી ગયા. કોઈ કોઈ વાર મળવાનું બનતું, પણ પછી તો અને બંને સંપર્ક ગુમાવી બેઠા. મિત્ર અચાનક આવી પહોંચતાં હૃદયમાં આનંદ આનંદ થઈ ગયો. એના ચહેરા પર કાંઈક ઉદાસી અને નિરાશા જેવું જોઈને પૂછ્યું : ''છો તો મજામાં ને ? કંઈ મુશ્કેલી તો નથી ને ?''

મિત્રે હસીને કહ્યું : ''આમ તો કંઈ મુશ્કેલી નથી. વર્ષોથી અમેરિકા હતો. બધાં અમેરિકા જ છે. બંને દીકરા અને બંને દીકરીઓ. વહેવારના કામે હું બે મહિના માટે આવ્યો છું. પણ હવે અમેરિકા પાછા જવું કે નહીં એની દ્વિધામાં છું. કોણ જાણે કેમ હું ત્યાં રહી શકતો નથી. ત્યાં સગવડો બધી જ છે, પણ ત્યાં જીવને ચેન પડતું નથી. મારી પત્નીને પણ ત્યાં ગમતું નથી, પણ પૌત્રોને ઉછેરવાની જવાબદારી એના માથે આવી પડી છે; તેને પણ એ મોહ છૂટતો નથી. પણ મને તો જાણે એવું જ લાગે છે કે કોઈકે ધક્કો મારીને મને કંટાળાના અતળ કૂવામાં ફેંકી દીધો. તમે કહેશો કે તો પછી અહીં જ શાંતિથી રહોને, દીકરા-દીકરી ભલે પરદેશમાં લહેર કરે. વચ્ચે ત્રણ વર્ષ પહેલાં આ અખતરો કરી જોયો. અહીં થોડા દહાડા ગમ્યું, પણ પછી રાત-દિવસ દીકરા-દીકરી યાદ આવવા માંડ્યાં. પાછાં ત્યાં ગયાં. અમેરિકાના સમાજશાસ્ત્રીઓએ સારું નામ શોધી કાઢ્યું છે: ખાલી થઈ ગયેલા 'માળા'નો ખાલીપો કે ખટકો. તમે લેખક, એટલે સારો શબ્દ શોધી લેજો. પણ આ એમ્પ્ટી નેસ્ટ સિન્ડ્રોમ'નો અર્થ એટલો જ છે કે દીકરા-દીકરી ચાંચાળાં -પાંખાળાં થાય અને ઊડી જાય પછી માળામાં - ઘરમાં માબાપને ખાલીપણાની લાગણી સતાવ્યા કરે છે.

''મને લાગે છે કે આનો કંઈ ઈલાજ નથી. તમે શું માનો છો ? આજના જમાનામાં દીકરા બધા ભેગા મળી સંયુક્ત કુટુંબમાં રહે, માબાપની સાથે રહે, એ શક્ય નથી લાગતું. એવડાં મોટાં ઘર ક્યાંથી કાઢો ? કદાચ ઘર મળી જાય તોય એવડાં મોટાં મન ક્યાંથી કાઢો ? એ જમાનો તો ગયો. હવે એ શક્ય જ નથી. અને એક રીતે જુઓ તો મારા જેવા વૃદ્ધોએ જરા વિચારવા જેવું છે કે દીકરાઓને તેમનું પોતાનું જીવન ન હોય ? તેમને સ્વતંત્ર રીતે જીવવું છે. તેમની પત્નીઓ જૂની કૌટુંબિક મર્યાદાઓની બહાર રહીને આઝાદીથી જીવવા માગે છે. મને લાગે છે કે અમારાં જેવાં માબાપોએ દીકરા-દીકરીનો આવો મોહ હવે છોડવો જોઈએ. દીકરાઓને મા-બાપનો આર્થિક ભાર ઉપાડવામાં વાંધો નથી, પણ માબાપ છાતી ઉપર ખમાતાં નથી. પ્રૌઢ અને વૃદ્ધ પતિ-પત્નીઓએ એકલાં રહેતાં શીખવું જોઈએ. બે-ચાર દહાડા માટે દીકરા-દીકરીને મળવા જાય તો ઠીક, બાકી તો તેમણે ઊડી ગયેલાં પંખીઓને પોતાના જૂના જર્જરિત માળામાં પાછાં બોલાવવાની આ ઘેલી રમત બંધ કરવી જોઈએ.''

આટલું કહેતાં તો મિત્રની આંખમાં આંસુ આવી ગયાં. એ આંસુ ઢાંકવા એકદમ હસ્યા અને બોલ્યા : ''મારી વાત બરાબર છે ને ? માબાપની ફરજ દીકરા-દીકરીને ઉછેરીને-ભણાવીગણાવીને પરણાવી દેવાની કે શક્ય હોય તો ક્યાંક કામધંધે લગાડી દેવાની . બસ, પછી તેમને તેમની રીતે તેમના રસ્તે જવા દેવાં જોઈએ.''

ગળગળા થઈ જતાં મિત્રે પોતાના મોટા દીકરાનું બાળપણ યાદ કર્યું : ''એ સમયના ભાવનગરની તદ્દન શાંત શેરીમાં એ ટ્રાઈસિકલ ચલાવતાં ડરતો હતો, અને આજે અમેરિકામાં ધસમસતા પૂરની ગતિએ મોટર હાંકે છે. નાનો હતો ત્યારે તો ગળેથી છૂટતો જ નહોતો. મારા ગળા ફરતે એના નાનકડા હાથ બરાબર ભીડી દે. તે દહાડે હું એને 'છોડ, છોડ' એવું કહ્યા કરતો હતો. આજે હવે હું એને મારા ગળેથી છોડી શકતો નથી. આજે હવે જાણે વગર કહ્યે એ મને કહી રહ્યો છે : છોડો-છોડો, પપ્પા, હવે અમને છોડો.'' મિત્રના ગળે ડૂમો ભરાયો.

❖❖❖

# 'પ્રવૃત્તિઓ ઘણી બદલી, હવે વૃત્તિ બદલીએ'

સદ્‌ગુરુ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી

'પ્રવૃત્તિનો ક્રિયા સાથે સંબંધ છે અને વૃત્તિનો સંબંધ ભાવ સાથે છે. પહેલા ધંધો કરતા હતા. માત્ર ધંધો, ઉદ્યોગ, વ્યવસાય. હવે એ પ્રવૃત્તિ બંધ કરી સેવાની પ્રવૃત્તિ કરી, વૃત્તિ ધંધાની હતી એટલે સેવામાં ધંધો ભળી ગયો. ખબર ન પડે તેમ ધીરે ધીરે સેવાના ધંધો થઈ ગયો. પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ તો એની એ રહી. જીવનમાં સંયમ સ્વીકાર કરવા સાધુ જીવનની દીક્ષા લીધી. ઘરબાર, ધંધો છોડ્યા. સ્વજનો, મિત્રો છોડ્યા. પ્રવૃત્તિ તદ્દન બદલાઈ ગઈ. પુત્ર પરિવાર હતા તેને સ્થાને શિષ્ય પરિવાર, માનીતા ભક્તોએ સ્વજનોનું સ્થાન લીધું. સંસારમાં હતા ત્યારે બંગલા, ફેક્ટરીઓના નિર્માણ અને વિસ્તારની વાત હતી. હવે સ્થાનકોના નિર્માણ વિસ્તારની શૃંખલા શરૂ થઈ. આસક્તિના ડેરા તંબુ તણાવા લાગ્યા. પસંદગીના ધર્મસ્થાનકો ગમવા લાગ્યા. ત્યાં વધુ રહેવા આકર્ષણ થયું. ખાસ ભક્તજનોનો સંગ વધ્યો. પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ન બદલાઈ.

વેપાર-ધંધો, ઉદ્યોગ સ્વકેન્દ્રી પ્રવૃત્તિ છે. મોટે ભાગે આ પ્રવૃત્તિ આપણા કુટુંબ પરિવારના સ્વહિત માટે કરતા હોઈએ છીએ. જ્યારે સેવામાં અન્યના કલ્યાણ અને માંગલ્યની ભાવના ભળેલી છે. તેથી તેમાં સ્વાર્થને બદલે પારમાર્થિક ભાવના કેન્દ્ર સ્થાને છે. તેથી પ્રવૃત્તિમાં સત્વશીલતા છે. જ્યારે સેવા સંસ્થાના હોદ્દા પર મમત્વ જાગે ત્યારે એ અહંમમત્વ ખેંચી લાવશે. પછી જેવી એ સંસ્થા અને તેના હોદ્દામાં આસક્તિ જાગશે તેવી સત્ત્વશીલતા ખમ થઈ જશે. પ્રવૃત્તિની સાત્ત્વિકતાનો લોપ થશે. ''આસક્તિની વૃત્તિ બદલાશે તો જ અનાસક્ત ભાવ જાગૃત થશે. તો જ પ્રવૃત્તિમાં સાત્ત્વિકતા આવશે.''

પહેલાં કુટુંબ પર શાસન ચાલતું. કુટુંબના વડા હોવાનો સત્તાને કેફ ગર્વ હતા. હવે સંસ્થામાં પદ સત્તા મળી છે. મારું ચાલે છે તેનો ગર્વ છે. પહેલાં પરિવાર સ્વજનો, બંગલા પર મોહ હતો, આસક્તિ હતી. તેમ સંસ્થાના મકાન સહકાર્યકરો અને પદ પર આસક્તિ છે. દાન તો થયું પણ પદલાલસાનો ત્યાગ ન થયો. પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ન બદલાઈ. દાન દ્વારા લક્ષ્મીના પરિગ્રહનું વિસર્જન તો થયું પણ ત્યાગ વિનાનું દાન એ એકડા વિનાના મીંડા જેવું છે. દાનની પ્રવૃત્તિમાં ત્યાગવૃત્તિ ભળે તો કાંચનયોગનું સર્જન થાય. સારા નિષ્ઠાવાન દાતાનું સંસ્થા સામે ચાલીને સન્માન કરે તે સેવાનું સન્માન છે; પરંતુ સન્માન કે પદ શિલાલેખની જેમ હૃદયમાં તે કોતરાઈ જાય તો ધનનું સાફલ્ય નથી. આસક્તવૃત્તિ બદલવી પડશે.

મંદિરોના નિર્માણની પ્રવૃત્તિ જરૂર સત્ત્વશીલ ગણાય; પરંતુ આસક્તિ ન હોય તો. આસક્તિને માર્ગે જ મુક્તિની યાત્રા કરી શકાય. એક સંતે એક ભક્તજનને કહ્યું, તમને આ તમાકુનું વ્યસન છે તે સારું નથી. તેને છોડી દીધા છે. સંત કહે, સારું કર્યું પણ દિવસમાં ચા-તમાકુ યાદ આવે તો શું કરો ? ચા યાદ આવે તો કોફી પી લઉં. તમાકુ યાદ આવે તો ગુટખા ખાઈ લઉં. પ્રવૃત્તિ જરૂર બદલી પણ વૃત્તિ બદલી નહીં.

એક સંન્યાસીએ રાજાને દીક્ષા આપી. રાજા તો જંગલમાં કુટિર બનાવી રહેવા લાગ્યો. રાજાને દીક્ષા આપનાર ગુરુ અન્યત્ર ચાલ્યા ગયા. રાજા કુટિરને સ્વચ્છ સુઘડ નહીં રાખતા વિશાળ બનાવે છે. અનેક રીતે શણગારે છે. ગુરુજી એક વર્ષે આવ્યા. ગુરુજીએ કહ્યું, કુટિર તો મહેલ જેવી સોહાય છે. રાજાના મુખ ઉપર અહમ્‌નો ભાવ ને ખુશી જોઈ ગુર વિચારે છે. રાજા મહેલમાંથી બહાર નીકળી ગયા; પરંતુ રાજામાંથી મહેલ નથી ગયો ! ચિત્તમાં મહેલે મોજૂદ થે. માટે હાથથી છૂટે તેને ત્યાગ કહેવાય ને હૈયેથી છુટે તેને વૈરાગ્ય કહેવાય. માટે પ્રવૃત્તિની સાથે વૃત્તિ બદલવાવવાની જરૂર છે.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાની પદરચનામાં ખરું જ કહ્યું છે કે, 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' વૈરાગ્ય હોય તો આપોઆપ વસ્તુનો, પ્રવૃત્તિનો, પ્રતિષ્ઠાનો વગેરે પ્રત્યેના મોહનો ત્યાગ સહજ રીતે થઈ જાય છે. વૃત્તિમાં વૈરાગ્ય હોય તો પ્રવૃત્તિ સહજ બદલાઈ જાય છે. વૈરાગ્ય વિના કરવામાં આવેલો ત્યાગ ઘણી વખત નિષ્ફળ જાય છે એટલે જ સંતોએ વૈરાગ્ય ઉપર વિશેષ ભાર મૂક્યો છે. ગૃહત્યાગ કરવાથી સંસારનો માહે છૂટી જતો નથી. અંદરથી વૈરાગ્યનો રંગ લાગે એટલે આપોઆપ સંસારનો ત્યાગ થઈ જાય છે. ત્યાગના પાયામાં વૈરાગ્ય હોય છે. વૈરાગ્યવૃત્તિ હોય તો જ બધી જ પ્રવૃત્તિમાં અધ્યાત્મનો રંગ ચડે છે ને એ રંગ કાયમી રહે છે. મોટા સંતપુરુષોના જીવન સામી દૃષ્ટિ કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે તેઓને વૈરાગ્ય પહેલા ઉત્પન્ન થયો છે ને પછી ગૃહત્યાગ થયો છે.

❖❖❖

# આ જંગ તમને સોંપું છું !

**સ્વામી વિવેકાનંદ**

**ઓ**હ ! ભારતમાં આપણે ગરીબો વિશે કેવા ખ્યાલ રાખીએ છીએ, તેનો વિતાર કરતાં મારા હૃદયમાં શી શી વેદના થતી હતી ! પોતાના વિકાસ માટે તેમને કોઈ તક મળતી નથી. ભારતમાં ગરીબોને મિત્રો કે મદદ મળતાં નથી. ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ તેઓ ઊંચે ચડી શકતા નથી, દિનપ્રતિદિન નીચે ને નીચે ઊતરતા જાય છે. ક્રૂર સમાજે વરસાવેલા ફટકા તેમને વાગે છે, પણ એ ક્યાંથી આવે છે તેની તેમને ખબર નથી. પોતે મનુષ્ય છે એ હકીકત પણ તેઓ ભૂલી ગયા છે ! આ બધાંનું પરિણામ ગુલામી.

હિંદુ ધર્મ જેટલા ઉત્ત સ્વરે પૃથ્વી ઉપર બીજા કોઈ ધર્મે મનુષ્યના ગૌરવનો પોકાર કર્યો નથી; અને છતાં પૃથ્વી ઉપર અન્ય કોઈ ધર્મે હિંદુ ધર્મની જેમ નીચલા વર્ણો પર જુલમ ગુજાર્યો નથી. આમાં દોષ ધર્મનો નથી; દોષ છે ધર્મને આચરણમાં ઉતારવાની અશક્તિનો, સહાનુભૂતિ અને પ્રેમના અભાવનો.

મારા હૃદય ઉપર આ બોજો ધારણ કરીને બાર બાર વરસ સુધી હું ભટક્યો છું. કહેવાતા ધનિકો અને મોટા માણસોને ઘેર ઘેર ધક્કા ખાધા છે. સહાયની શોધમાં, લોહીનીંગળતા હૃદયે, અરધી દુનિયા



ઓળંગીને હું આ પરદેશની ભૂમિ ઉપર આવેલો છું. આ ભૂમિમાં ટાઢથી કે ભૂખથી ભલે મારું મૃત્યુ થાય; પણ અજ્ઞાની અને દલિતો કાજેનો આ જંગ હું તમને વારસામાં સોંપું છું. અત્યારે આ પળે જ ભગવાન પાર્થસારથિના મંદિરમાં જાઓ અને ગોકુળના દીન ગોવાળિયાઓના જે મિત્ર હતા, જેણે અંત્યજ ગૃહકને ભેટતાં જરા પણ આંચકો ખાધો ન હતો, અને જેણે બુદ્ધાવતારમાં કુલીનોનાં ભેટતાં જરા પણ આંચકો ખાધો ન હતો, અને જેણે બુદ્ધાવતારમાં કુલીનોનાં આમંત્રણ ઠેલીને એક વેશ્યાનું નિમંત્રણ સ્વીકારેલું અને તેને તારી હતી, એવા પ્રભુ આગળ તમારું શિર નમાવો; તથા જેમને માટે એ પ્રભુ ફરીફરીને અવતાર ધારણ કરે છે એવા અધમ અને દલિતો માટે સમસ્ત જીવનનું બલિદાન આપો ! દિનપ્રતિદિન અધમ અવસ્થામાં ઊતરતા જતા આ કરોડો લોકોની મુક્તિ માટે આખું જીવન સમર્પણ કરવાનું વ્રત લો !

આ એક દિવસનું કાર્ય નથી, અને તેનો માર્ગ ભયંકર મુશ્કેલીઓથી ભરેલો છે. પણ આપણે જાણીએ છીએ કે ભગવાન આપણા સારથી થવાને તૈયાર છે. તેમનામાં શ્રદ્ધા રાખીને, યુગોથી ભારત ઉપર ખડકાયેલી વિપત્તિઓના પહાડને સળગાવી મૂકો. બંધુઓ ! આ કાર્ય વિરાટ છે અને આપણે ઘણા નિર્બળ છીએ. પણ આપણે જ્યોતિના પુત્રો છીએ. આપણે સફળ થશું જ. આ જંગમાં સેંકડો ખપી જશે, પણ બીજા સેંકડો એ કાર્યને હાથ ધરવા તૈયાર થઈ જશે.

કહેવાતા ધનિકો અને મોટા માણસો પ્રત્યે મીટ માંડો નહીં. હૃદયહીન બુદ્ધિજીવી લેખકો અને તેમના ઠંડે કલેજે લખાયેલા છાપાંના લેખોની પરવા કરો નહીં. આગળ ધપો, પ્રભુ આપણો સેનાપતિ છે. કોણ પડ્યું તે જોવા પાછું વળીને નજર નાખશો નહીં. આગળ ને આગળ ધસો, બંધુઓ ! ભૂખ અને ટાઢ કંઈ જ નથી, મૃત્યુ પણ કંઈ નથી, જીવન કંઈ નથી. આ જ રીતે આપણે આગેકૂચ કરશું. પ્રભુનો જયજયકાર હો !

---

# ''આપને ઉપયોગી થઈ શકું ?''

બેલ્જીઅમ દેશના રાજા એક વાર અમેરિકાની મુલાકાતે ગયેલા. એ ડિટ્રોઈટ શહેરમાં હતા ત્યારે ત્યાંના એક છાપાના ખબરપત્રીએ રાજાની વિદાયનો ચોક્કસ સમય જાણવા માટે એમના ઉતારાવાળી હોટલ પર ફોન કર્યો ને રાજાના અખબારી અધિકારી સાથે વાત કરવાની ઈચ્છા દર્શાવી.

''એ હમણાં જ અહીંથી બહાર ગયા છે,'' ટેલિફોનને સામે છેડેથી એક વિનયભર્યો અવાજ ખબરપત્રીને સંભળાયો. ''પણ કદાચ હું એમને શોધી શકું તો જોઉં.''

થોડી મિનિટ પછી એ જ અવાજ ફરી સંભળાયો : ''હજી એ કયાંય દેખાતા નથી; પણ આપ જો ટેલિફોન ચાલુ રાખી શકો, તો હું ફરી વાર તપાસ કરી જોઉં.''

હાથમાં ફોન પકડીને ખબરપત્રી ઊભો રહ્યો, ને થોડી વારમાં એ જ વિનયવંતો સૂર સંભળાયો : ''માફ કરજો, પણ એમનો કયાંય પત્તો લાગતો નથી... પરંતુ હું આપને કાંઈ ઉપયોગી થઈ શકું ખરો ?''

''બેલ્જીઅમના રાજા બોદુઈન ડિટ્રોઈટમાંથી ક્યારે રવાના થવાના છે, તે હું જાણી શકું ?'' ખબરપત્રીએ પૂછ્યું.

''હું પોતે જ બોદુઈન,'' સામેથી અવાજ આવ્યો. ''અમે આજે બપોરે ર-૪૫એ ઊપડવાના છીએ.''

# પહેલા પવનમાં ક્યારે હતી આટલી મહેક રસ્તામાં તારી સાથે મુલાકાત થઈ હશે

ડૉ. શરદ ઠાકર

ટ્રાફિક પોઈન્ટ ઉપરની લીલી બત્તી બંધ થઈ લાલ લાઈટ ઝબૂકી ઊઠી. પરખે બ્રેક મારીને એનું મોપેડ ઊભું રાખ્યું. એની સાથેનાં અન્ય વાહનો પણ અટકી ગયાં. એક મોટરબાઈક એની બાજુમાં આવીને ઊભી રહી. સાવ અડોઅડ. બાવીસ વર્ષની, પૂર્ણવિકસિત પુષ્પ જેવી પરખે જોયું તો એ જ હતો. સાવ મવાલી જેવો દેખાવ. પાતળું, ઊંચું શરીર. આછી દાઢી, વિખરાયેલા વાળ ઉપર માટી અને કચરાનો અભિષેક. કાળા ધબ્બાવાળું ચોળાયેલું શર્ટ અને જીન્સનું પેન્ટ. એ પણ ડાઘાડૂઘીવાળું. પહેલી નજરે જ ખબર પડી જાય કે ગૅરેજમાં મિકેનિક હોવો જોઈએ. ગાડીની નીચે ઘૂસીને જમીન ઉપર ચત્તાપાટ પડીને ગાડીનું સમારકામ કરતો હોય તો જ શરીર અને કપડાં ઉપર આવો 'મેક-અપ' ચડે.

લાલ બત્તી બંધ થઈ. ગ્રીન સિગ્નલ ચાલુ. વાહનો જાણે એકસામટાં હરીફાઈમાં ઊતર્યાં હોય એમ દોડવા લાગ્યાં. પરખે જાણી જોઈને એનું મોપેડ ધીમું પાડ્યું. ખાસ એ જોવા માટે કે પેલો શું કરે છે. એણે પણ બાઈકની સ્પીડ ધીમી કરી નાખી.

પરખ મનમાં ને મનમાં ધૂંધવાઈ ઊઠી. છેલ્લી દસ મિનિટથી આ પકડદાવની રમત ચાલી રહી હતી. એણે જોઈ લીધું કે જાહેર રસ્તો છે. હજી તો સમી સાંજનો સમય છે. અંધારું થવાને ઘણી વાર છે. ધમધમતો ટ્રાફિક છે. એક ચીસ પાડે તોપણ ટોળું ભેગું થઈ જાય. પીછો કરનાર મવાલીની વૉશિંગ પાઉડર વગર ધોલાઈ થઈ જાય. આ વિચારની સાથે જ એનામાં હિંમત આવી ગઈ.

'એય...! શું છે ?' એણે મોટેથી પેલાને પડકાર્યો.



'કેમ ? શેનું શું છે ?' પેલો બી માથાનો નીકળ્યો. જાણે કે કંઈ જાણતો જ ન હોય એમ સામે સવાલો પૂછવા માંડ્યો.

'છેલ્લી દસ મિનિટથી જોયા કરું છું કે તમે મારી પાછળ-પાછળ આવી રહ્યા છો.'

'હું પણ દસ મિનટથી જોઉં છું કે તમે મારી આગળ ને આગળ દોડી રહ્યાં છો !'

'તમારી આગળ વાહન ચલાવવું એ ગુનો છે ?'

'તો તમારી પાછળ વાહન ચલાવવું એ ગુનો છે ? હું એકલો નહીં, બીજાં પચાસ વાહનો તમારી પાછળ આવી રહ્યાં છે. મોકલી દો બધાંને જેલમાં.'

પરખે નાક ફુંગરાવ્યું. ભયંકર ધૂર્ત અને ચાલબાજ લાગે છે આ માણસ. એની દલીલમાં જ કેવો દાંડ છે એ દેખાઈ આવે છે. આની સાથે જીભાજોડીમાં ન પડાય. પરખે મોં ફેરવી લીધું. મોપેડની ઝડપ પણ થોડીક વધારી દીધી. પેલાએ પણ બાઈક ભગાવ્યું. પરખથી આગળ નીકળી ગયો.

'હાશ !' પરખ બબડી. પણ એના હાશકારાની આવરદા બહુ ટૂંકી નીકળી. ત્રણેય મિનિટ પછી એ બીજા ટ્રાફિક પોઈન્ટ પાસે પહોંચી તો ત્યાં લાલ સિગ્નલ ચાલુ હતું. આ વખતે પરિસ્થિતિમાં સહેજ ફરક હતો. પેલા મવાલીની બાઈક આગળ ઊભી હતી, પરખનું મોપેડ એની તદ્દન પાછળ.

પેલાએ પરખની સામે જોઈને પીંછા જેવું હળવું સ્મિત ફરકાવ્યું : 'હવે કોણ કોનો પીછો કરે છે ?'

પરખનું દિમાગ ફાટ્યું : 'મોં સંભાળીને બોલો, મિસ્ટર...'

'પ્રવાહ.' પેલો હસ્યો : 'મિસ્ટર પ્રવાહ બારદાનવાલા નામ છે મારું. તમારું નામ જણાવી શકો ?'

પરખને એના ડાચા ઉપર સેન્ડલ ફટકારવાનું મન થઈ આવ્યું. પણ સમય કયાં હતો ! લીલી બત્તી ચાલુ થઈ એટલે પેલાએ બાઈક મારી મૂકી. સહેજ આગળ જઈને એ ડાબી બાજુના ખાંચામાં વળી ગયો. પરખનો માર્ગ પણ એ તરફ થઈને જ જતો હતો. એ પણ ડાબા હાથે વળી. પણ લગભગ અડધા કિલોમીટરના સીધા રસ્તા ઉપર ક્યાંય પેલા ખાલી બારદાનના સગડ દેખાતા નહોતા.

'હાશ ! છૂટ્યાં.' પરખે નિરાંતનો શ્વાસ લીધો. ત્યાં જ એનું મોપેડ લડખડાયું. ગતિમાં અચાનક શિથિલતા આવી ગઈ. પરખે વાહન ઊભું રાખ્યું. જોયું તો પાછળના પૈડાનું ટાયર બેસી ગયું હતું. મતલબ કે પંક્ચર.

'ઓહ, નો !' પરખે ઘડિયાળમાં જોયું. કમ્પ્યૂટર ક્લાસમાંથી છૂટવામાં જ આજે મોડું થઈ ગયું હતું અને ઘરનો રસ્તો હજી પંદર મિનિટનો બાકી હતો. શિયાળાની સાંજ હતી એટલે આછું આછું અંધારું પણ છવાવા માંડ્યું હતું. મુખ્ય માર્ગ ઉપર હતી ત્યાં સુધી વાંધો નહોતો. પણ આ ગલીમાં લોકોની અવરજવર નહિવત્ હતી. ગૅરેજ કયાં હશે ? અત્યારે પપ્પા પણ ઘરે નહીં હોય. મમ્મીને ફોન કરવાથી યે શું વળવાનું ?

એક જ રસ્તો હતો. આજુબાજુના કોઈ મકાનમાં જઈને મદદ માગવી. કાં તો ફોન કરી ઘરે જણાવી દેવું કે આવતાં થોડુંક મોડું

થશે. અથવા તો ત્યાં વાહન મૂકીને રિક્ષામાં બેસીને ઘર ભેગા થઈ જવું. પપ્પા પછીથી આવીને મોપેડનો કંઈક રસ્તો ખોળી કાઢશે.

પરખે આસપાસ નજર ઘુમાવી. પોશ વિસ્તાર હતો. ભવ્ય બંગલાઓ હતા. તોતિંગ દરવાજાઓ હતા. એકના ઝાંપા ઉપર તાળું લટકતું હતું.

બીજાના ઝાંપે પાટિયું મારેલું હતું : કૂતરાથી સાવધાન. ત્રીજા બંગલાના ખુલ્લા ઝાંપાને અડીને એક વૉચમૅન ઊભો હતો. એની આંખોમાંથી ટપકતી લોલુપતાને જોઈને પરખે મદદ માગવાનો વિચાર માંડી વાળ્યો. હવે એક જ બંગલો રહ્યો. પરખ સાવધાનીપૂર્વક એનો ઝાંપો હડસેલીને અંદર પ્રવેશી. પણ દાખલ થયા પછી એની આંખો ફાટી ગઈ.

બંગલાની અંદર માર્બલ હોય એ એને જોયું હતું, પણ બહારના ખુલ્લા ભાગમાં છુટ્ટે હાથ વેરાયેલો ગ્રેનાઈટ એ આજે પહેલી વાર જોતી હતી. જમણા હાથે હારબંધ ચાર ગાડીઓ પાર્ક કરેલી હતી. દૂર ડાબા હાથે એક માળી ઘાસની લૉનમાં પાણીનો છંટકાવ કરી રહ્યો હતો.

હીંચકા ઉપર એક જાજરમાન આધેડવયની સ્ત્રી બેઠી હતી. પરખે વિચાર્યું, એ જ આ બંગલાની શેઠાણી હોવી જોઈએ.

પરખ કંઈ બોલવા માટે મોં ઉઘાડે એ પહેલાં શેઠાણીનો કરડાકીભર્યો અવાજ એના કાને અફળાયો : 'કોનું કામ છે, છોકરી ?'

'જી..જી ! હું.. મારું વાહન.. ટાયરમાં પંક્ચર પડ્યું છે.. તો અહીં મૂકી શકું ?' આજની રાત.. કાલે સવારે મારા પપ્પા આવીને....'

'ના ! આ બંગલો છે. ગૅરેજ નથી. એમ રસ્તે જતાં અજાણ્યા માણસોનો વિશ્વાસ ન કરાય.' શેઠાણીના અવાજમાં સ્પષ્ટ નકાર હતો.

'કોણ છે, મમ્મી ?' પરખ નિરાશ થઈને પાછી ફરવા જતી હતી, ત્યાં જ સહેજ જાણીતો અવાજ સાંભળીને એ ચોંકી. અરે, આ તો પેલો જ ! પણ અત્યારે એ આટલો બધો બદલાઈ ગયેલો કેમ લાગે છે ? સફેદ કૂર્તા-ઝભ્ભામાં એનું વ્યક્તિત્વ જોવું ગમે એવું લાગતું હતું. વાળ વ્યવસ્થિત ઓળેલા હતા. ચહેરો ધોયેલો હતો. એમાંથી ટપકતું સ્મિત એનું એ જ હતું, પણ અત્યાર એ ખંધુ લાગવાને બદલે શાલિનતાથી ભર્યું લાગી રહ્યું હતું.

'અચ્છા ! તો તમે પીછો કરતાં કરતાં છેક મારા ઘર સુધી આવી ગયાં ! બોલો, શું કામ આવ્યાં છો ? મમ્મીને ફરિયાદ કરવા ?'

'જી ! તમે ? હું તો સમજી હતી કે તમે ગૅરેજમાં....'

'મમ્મીએ પણ મારા દેદાર જોઈને એવી જ ટકોર કરેલી. પણ હું શું કરું ? ઑફિસેથી નીકળ્યો, ત્યાં ગાડી બગડી. ગૅરેજમાં ગયો, ત્યાં જમીન ઉપર પગ મૂકતાંવેંત માટીમાં લપસી પડ્યો. ગાડી મૂકીને ગૅરેજવાળાની બાઈક ઉપર ઘરે આવતો હતો ત્યાં રસ્તામાં કોઈ સ્વર્ગની અપ્સરાએ મને મવાલી માની લીધો. બોલો, હવે શો હુકમ છે ?'

'તમે જબરા મજાકિયા છો. પારસી છો ?' પરખે હસતાં હસતાં પૂછ્યું.

'જન્મે વાણિયો છું. સ્વભાવે પારસી છું. ધંધામાં મારવાડી, દિલથી મજનૂ છું અને દેખાવે ગૅરેજવાળો..' બંને જણાં હસતાં રહ્યાં અને વાતો કરતાં રહ્યાં. પ્રવાહનાં મમ્મી પણ સમજી ગયાં કે બંને જણાં એકબીજાંને મળી ચૂક્યાં લાગે છે. એમણે આગ્રહ કરીને પરખને બેસાડી. એના ઘરે ફોન કરી દીધો. પછી ચા-નાસ્તો કરાવ્યાં.

એક કલાક પછી પ્રવાહ એની ઈન્ડિકામાં પરખને બેસાડીને એના ઘરે મૂકવા જઈ રહ્યો હતો ત્યારે એક સાથે ત્રણ ઘટનાએ ઘટી રહી હતી. ઘરે આવેલા પરખના પપ્પાને પરખની મમ્મી પૂછી રહી હતી : 'આ બારદાનવાલા તો આપણી જ જ્ઞાતિના છે એમને ? મૂળ તો શાહ. પણ ખાલી બારદાનના ધંધામાંથી કરોજો કમાયા એટલે એ અટકથી ઓળખાયા. એનો છોકરો કહેવાય છે કે બહુ સંસ્કારી છે. આપણી પરખ માટે ? પણ એવું ભાગ્ય આપણું ક્યાંથી ? કયાં આપણે અને ક્યાં એ ?'

શેઠાણી ફોન ઉપર શેઠ સાથે વાત કરી રહ્યાં હતાં : 'મેં ફોન કરીને છોકરીની મમ્મી સાથે વાત કરી ત્યાં જ મને તો ખ્યાલ આવી ગયો કે આ કન્યા આપણે ભાણે ખપતી છે. ઘર ભલે ગરીબ રહ્યું, પણ કન્યા રતન જેવી છે. તમે તો વચમાં બોલશો જ નહીં. પ્રવાહ મારો દીકરો છે. હું કહીશ એમ જ થશે.'

અને એ જ વખતે ઈંડિકામાં બેઠેલાં બે યુવાન હૈયાં ભયંકર મનોમંથનમાં ડૂબેલા હતાં. બંનેના બંધ હોઠોમાં એકસરખો સવાલ સળવળતો હતો : 'હમણાં ઘર આવી જશે. આ એક કલાકનો સંગાથ પૂરો થશે. પછી શું ? ફરીથી ક્યારે મળાશે ? મળાશે ખરું ?

(સત્ય ઘટના : એક ગરીબ ઘરની દીકરી સાવ નાનકડી આકસ્મિક ઘટનાને કારણે એક અબજોપત કુટુંબની પુત્રવધૂ બની ગઈ. નિમિત્ત કયું ? એક નાનકડા વાહનના પાછલા પૈડામાં ખીલી વાગવાને કારણે થયેલું પંક્ચર ! માત્ર એટલું જ ? કે એ ખીલી એ બંગલા પાસે જ પડેલી હતી એની પાછળ વિધાતાનો કોઈ સંકેત હતો ? કશીક અદશ્ય શક્તિની અકળ ગોઠવણ હતી ? કોને ખબર ! પણ એક વાત નક્કી છે, દીકરી એનું નસીબ સાથે લીને જન્મે છે.)

❖❖❖

# સ્વતંત્રતા અને સીમા

ચુનીભાઈ શાહ

બાળકને કેટલું સ્વાતંત્ર્ય આપવું ? તેને કોઈ જાતનું બંધન જ ન હોવું જોઈએ ? તેની દરેક ઈચ્છા પૂર્ણ જ થવી જોઈએ ? તેને કદી કોઈ વાતમાં અટકાવવું જ નહીં ? સ્વાતંત્ર્યને કોઈ સીમા હોવી જોઈએ કે નહીં ? આવા પ્રશ્નો વિચારવાની જરૂર છે.

બાળકને સ્વતંત્રતા આપવાનો વિચાર માબાપ સમક્ષ મૂકીએ છીએ ત્યારે, ઘડિયાળનું લોલક જેમ એક બાજુથી બીજી બાજુ જાય તેમ, એમના શિસ્તના ખ્યાલો સામે છેડે જઈ બેસે છે : અતિશય કડક નિયમનમાંથી તેઓ નિરંકુશ સ્વાતંત્ર્ય તરફ ઝૂકે છે. સ્વતંત્રતા અને સ્વચ્છંદ વચ્ચેનો ભેદ તેમનાં મનમાં રહેતો નથી.

બાળકને સ્વતંત્રતા આપવામાં તેની શક્તિઓ ખીલે, તેનો સમતોલ વિકાસ થાય એ હેતુ આપણી સમક્ષ હોવો જોઈએ. પણ ક્યારેક સ્વાતંત્ર્યમાં રુકાવટ કરવાથી જ આ હેતુ સિદ્ધ થતો હોય, ત્યારે જરૂર રુકાવટ કરવી જોઈએ. બાળકને આપણે સ્વતંત્રતા પ્રેમપૂર્વક આપીએ છીએ, તેમ તેની પર અંકુલ પણ એટલા જ પ્રેમપૂર્વક મૂકી શકીએ. તેને હા પણ પ્રેમપૂર્વક પાડો, ના પણ પ્રેમપૂર્વક પાડો. ના પાડવી એ કોઈ વાર માબાપનો ધર્મ થઈ પડે છે; એમાં જ બાળકનો વિકાસ રહેલો હોય છે, હિત હોય છે. તેના પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને, તેની શક્તિઓની પરિપક્વતા નીરખવાની ઝંખનાથી આપણે તેને કહીએ છીએ : ''થોભી જા, જરા સબૂર કર !''

વાસ્તવિક જીવનમાં દરેક વ્યક્તિને સ્વાભાવિક રીતે જ નાની નાની અસફળતાએ ને નિરાશાઓનો સામનો કરવાનો આવે છે. એ નિરાશાઓને સંયમપૂર્વક નિભાવી લેતાં સહુએ શીખવું પડે છે. નાનપણથી બાળકને એવી ટેવ પડશે તો બીજાં મનુષ્યોની લાગણીઓનો વિચાર કરતાં એ શીખશે. બીજાઓની સાથે સહકાર કરવામાં થોડુંક જતું કરવામાં, આપણો વારો ન આવે ત્યાં સુધી રાહ જોવામાં, બીજાને સહાય કરવામાં અને બીજાની સહાય લેવામાં જે ભારે મજા રહેલી છે તેનો આનંદદાયક અનુભવ બાળકને થશે.

બાળકને જ્યારે કોઈ વસ્તુ આપીએ નહીં, કોઈ કામ કરતાં તેને અટકાવીએ, કોઈ વાતની તેને ના પાડીએ, ત્યારે તેનો ટૂંકો સચ્ચાઈ ભરેલો ખુલાસો આપણે આપી શકીએ. આપણી ના પ્રથમ ભલે તેને ગમશે નહીં, છતાં પણ ખુલાસાની તે કદર કરશે અને થોડા સમય પછી આપણી વાત તેને યોગ્ય લાગશે.

બાળક નાનું છે, અસહાય છે, પરાવલંબી છે, એટલે તેની બધી રીતે સંભાળ રાખવી જોઈએ, જેથી તેને જીવનમાં સલામતી લાગે. બાળકને આપણે પ્રેમપૂર્વક મદદગાર થઈએ તેથી તેને પોતાનું અસહાયપણું, પરાવલંબીપણું સહન કરવું સહેલું લાગે છે; જીવન ભર્યુંભર્યું લાગે છે.

સાથોસાથ તેને એમ પણ ન લાગવું જોઈએ કે, કાયમ બધાએ મારી સેવામાં હાજર રહેવું જોઈએ, મારું જ ધાર્યું થવું જોઈએ. બાળક પ્રત્યે પ્રેમ દર્શાવવા જતાં કોઈ ભળતી જ વસ્તુ આપણે તેને ન આપી બેસીએ તેની તકેદારી રાખવી જોઈએ. બાળકને સહાય આપીને પરાવલંબીપણા-માંથી તેને સ્વાવલંબીપણા તરફ લઈ જઈએ, તો તેના પ્રત્યે સાચો પ્રેમ દર્શાવ્યો ગણાય. પણ જો તેનો ડહાપણ ભરેલો કે ગાંડપણ ભરેલો દરેક શબ્દ ઝીલી લઈએ, તો આપણે તેને પરિપક્વતાને માર્ગે લઈ જવાને બદલે છોકરવાદને જે સ્થાને તે હોય ત્યાં જ ચોંટાડી રાખીએ છીએ.

બાળકને એવી સ્વતંત્રતા ન આપીએ કે એ નાનો સરખો સરમુખત્યાર બને અને બીજા કોઈનો વિચાર જ ન કરે. માબાપના વિશેષ સામર્થ્ય વિશે તેમજ માબાપના આત્મસંયમ માટે, તેમની નૈતિક શક્તિ માટે બાળકને માન થવું જોઈએ; એ બધાં પર શ્રદ્ધા રાખીને પોતે નિર્ભયતાપૂર્વક તથા આનંદપૂર્વક જીવન જીવી શકશે, તેવી પ્રતીતિ તેને થવી જોઈએ.

સ્વંતત્રતાથી બાળક પોતાની અંદરનાં સારાં તત્ત્વોને વિકસાવે છે, અને પરિણામે પોતાનાં માબાપ પ્રસન્નતા અનુભવે છે, તેમાં તેમનો પૂરેપૂરો ટેકો છે, તે બાળક જુએ છે. સાથે સાથે તેને એવો વિશ્વાસ પણ હોય છે કે પોતે કોઈ ભૂલ કરશે તો તેને રોકનાર કોઈક છે. આવી લાગણી બાળકને જ નહીં, આપણને સહુને કેટલી બધી સલામતી આપે છે ! સવારે ઘડિયાળનું ઍલાર્મ વાગશે, આપણને જગાડશે અને આપણે સમયસર ગાડીએ પહોંચી શકશું - એવી જ્યારે ખાતરી હોય ત્યારે આપણે કેવાં નિરાંતે ઊંઘી જઈ શકીએ છીએ ! એ જ પ્રમાણે બાળકને પણ જગાડનાર કોઈક હોય, તેને ભૂલોમાંથી બચાવનાર કોઈક હોય, તો નિરાંતે તેના પર આધાર રાખીને એ કેટલું નિર્ભય બની શકે છે ! કેટલી સલામતી અનુભવી શકે છે !

એટલે માબાપ જ્યારે પ્રેમપૂર્વક પણ મક્કમતાપૂર્વક બાળકને કહે છે કે, ''આમ કર... તેમ કરીશ મા,'' ત્યારે બાળકનું નબળું મન સબળું બને છે, અસ્થિર ચિત્ત સ્થિર થાય છે. તેનો પોતાનો જે આંતરિક અવાજ મંદ સ્વરે કહેતો હતો કે ''આમ કરીશ મા !'' તે હવે બુલંદ બને છે; તે અવાજ નિશ્ચયપૂર્વક , સત્તાવાહી સ્વરે બોલે છે: ''આમ કરીશ મા !'' અને પરિણામે બાળક તેમ નથી જ કરતું.

એટલે સાચે પ્રસંગે બાળકને ના કહેવી એ તેના પડખે ઊભા રહેવા સમાન છે, તેને દોષમુક્ત બનાવીને તેનામાં તાકાત પ્રેરવા સમાન છે. તેથી બાળક ચિંતામુક્ત બને છે, સલામતી અનુભવે છે અને સ્વસ્થ બને છે.

❖❖❖

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ**

સંચાલિત

**શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય**

**શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા**

આપણા શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા સંચાલીત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય નાલાસોપારા ખાતે જ્ઞાન ગચ્છ ના આચાર્ય ભગવંત પૂ પ્રકાશચંદ્રજી સ્વામી ના આજ્ઞાનુવર્તી પૂ વિકાસપ્રભાજી મ.સ.આદી થાણા:૪ પધાર્યા હતા. દરેક ધર્મપ્રેમીઓ એ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

દર મહિને સમુહ સામાયિક કરાવવામાં આવે છે એ મુજબ સમુહ સામાયિક નું આયોજન કરવામાં આવેલ. જેમાં લગભગ ૧૨૫ ની સંખ્યા માં ભાવિકો એ લાભ લીધો હતો.

આ સમુહ સામાયિક માટે એક નામ નો નકરો રુપિયા ૨૦૦૦/ રાખવામાં આવેલ છે આ સ્કીમ હજુ ચાલુ છે. તો દરેકને લાભ લેવા વિનંતી છે.

સૌથી વધારે આનંદની વાત આપણા નાલાસોપારામાં વસતા શ્રાવક શ્રાવિકા/ધર્મ પ્રેમીઓના મહાન પૂણયોદયે ચાલુ વર્ષ (૨૦૨૬)નુ ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે.

ગોપાલ સંપ્રદાયના પૂ ગુરુદેવ રામ ઉત્તમ મુનિ જી ના આજ્ઞાનુવર્તી પૂ અભિષાજી મ. સ. અને પૂ. પુજાજી મ. સ. થાણાઃ ૨ આપણા શ્રી નાલાસોપારા ઉપાશ્રય ખાતે ચાતુર્માસ કરાવવા માટે પધારવા ના ભાવ રાખે છે.

દરેક સભ્યો ને વિનંતી છે કે આપણે દરેક મળીને આ ચાતુર્માસ ને જપ, તપ, આરાધના થી ઐતિહાસિક બનાવીએ.

આપ દરેક ના સાથ સહકાર ની અપેક્ષા સાથે દરેકને જય જિનેન્દ્ર

